३ मो બુદ્ધિપ્રકાશ.

(અસલ ઉપરથી નકલ કરી છે.)

પુસ્તક. ૫૨ ફેબરૂઆરી સન ૧૯૦૫ અંક ૨ જો
પાને ૪૦ થી ૪૪.

તાજીઆ વિષે ટુંક હકિકત.

દંત કથા અને મુખ્ય શાસ્ત્ર વચનમાં કેટલો ભેદ છે તથા ખરૂ રહસ્ય કેના વડે ઉદ્ઘાટન થાય છે તે વાત ઉંડું નિરીક્ષણ કરવાથીજ સપષ્ટ જણાય છે કેટલીક વાર દંત કથામાં અંશ માત્ર સત્ય હોય છે, અને શાસ્ત્રનો વિધી બાકી રહેલ બધો અંશ પોતાનો કરી રાખે છે તો કેટલીક વાર દંત કથામાં જરા માત્ર પણ સત્ય નથી હોતું અને શાસ્ત્રાર્થ તેથી ભિન્ન વાત વર્ણવે છે એતો નિર્ણિત વાત છે કે શાસ્ત્ર પાસે દંત કથાને ઓછું માન અપાય છે. જેમ શ્રુતી સ્મૃતિના વિરોધમાં શ્રુતિ બળીયસી; અને સ્મૃતિઓ માંહો માંહેના વિરોધમાં પણ જે સમૃતિએ શ્રુતિનો આધાર રાખી વ્યાખ્યાન કર્યું હોય તે સર્વ માન્યનીવડે છે, તેમ શાસ્ત્ર પાસે દંથ કથા દુર રહે :

આટલા ઉપોદ્ઘાત થયાબાદ એમ કહેવું પ્રાપ્ત થાય છે કે મુસલમાની ધર્મ શાસ્ત્રનો વિધિ તાજીયા સબંધે છે તે કરતાં જુદીજ દંત કથા વહે છે, દંત કથા કહે છે કે—હાજી અને હુસેન એ ભાઇઓ હતા. જ્યારે તે બંને જણા મકકેહજ કરવા જતા હતા ત્યારે તેઓને માર્ગમાં ચોર લોકોએ બગી લુંટી લીધા, તથા બહુ માર માર્યો ચોરોની સાથે લડાઈ થઇ તેમાંથી નાસી જતાં એક વાવ આવી તેમાં બન્ને સંતાયા પરંતુ ચોરોએ તેમને જીવતા ન રહેવા દેવા માટે કંઇ નિશ્ચયથી પુઠે પડી શોધ જારી રાખી. રસ્તામાં કાકીડો મળ્યો અને તે કાકીડો વાવની બાજુના ભાગમાં બેઠો હતો તેને ચોરોએ પુછ્યું પણ વાચા ન હોવા છતાં જાણે એ પ્રશ્નનો મર્મ સમજ્યો છે એમ બતાવી કાકીડાએ ડોકી ડોલાવી અને એવું સમજાવ્યું કે એ બન્ને હાજી અને હુસેન એજ વાવમાં ભરાઇ બેઠા છે. આ ભેદ જાણ્યા પછી ચોરોએ તે વેશ બદલ્યો, અને બંને ભાઇઓને પકડી મારી નાંખ્યા.

ઉપરથી હાજી અને હુસેનના અકાલ મૃત્યુના સ્મરણાર્થે મુસલમાનો એક જય કરે છે તેને તાજીઆ કહે છે. તાજીઆ શું છે અને એજ ચિન્હ કેમ વધારે પ... વિશે સવિસ્તર ચર્ચા નિચે કરવામાં આવશે પરંતુ આ સ્થળે આ દંત કથા લોકોમાં ... એટલું કહેવું બસ છે તે ઉપરાંત તે સબંધે મુસલમાન લોકોનો શાસ્ત્રાર્થ શું છે ... જોઈએ

મુસલમાન લોકોમાં બે વિભાગ છે; શીઆ અને સુન્ની, સુન્ની લોકોમાં લોટીઆ વહોરા તથા મેમણ ખોજાનો સમાવેશ થાય છે. તેઓ જુદા પડયા તેનું કારણ એ છે કે તેઓ ત્રણ પેગમ્બરને માને છે. શીઆ લોકો તે બીજા બધા મુસલમાનો તેમાં કાજી, તાઇ, પઠાણ, મુગલ, ઇતિયાદી સર્વેનો સમાવેશ થાય છે, આ બધા ચાર પેગમ્બરને માને છે આ બે પંથની ઉત્પત્તિ "નબી" સાહેબના સમયમાં થએલી છે એવું કુરાનમાં લખ્યું છે નબી સાહેબના ચાર મીત્રો એ ચાર પેગમ્બરો, અને તેમના નામ અબુબકર ઉમર, ઉસમાન, અને હેદરઅલી.

હવે તાજીઆ કરવાનું ધર્મનું ફરમાન છે એમ શીઆ લોકો માની તાજીઆ બનાવે છે. "તાજીઆ બનાવવા" એવું ફરમાન કુરાનનું નથી તેમ ઉપર લખેલી દંતકથા અગર તેને મળતી કોઇપણ વાર્તા કુરાનમાં લખેલી નથી. તાજીઆમાં કાકીડો મારી ટાંગે છે તે પણ ગપ્પા પુરાણ પરથી ચાલ્યું હોય એમ લાગે છે. કૃકલાસનું નામ માત્ર કુરઆનમાં આ વિષયના સબંધમાં જોવાતું નથી તો હવે ધર્માનુશાશન કયા પ્રકારનું છે તે તપાસીએ.

યદી નામનો બાદશાહ કરબલ્લામાં રાજ્ય કરતો હતો તે ઘણો વિચક્ષણ હતો પરંતુ નીચેની હકીકત ઉપરથી સહજ જણાશે કે તે દેશયુક્ત પણ પુરો હતો એક વખત એમ બન્યું કે તેના રાજ્યની કોઇ કન્યાને હુસેન નામના શખ્સે પ્યારમાં નાંખી પોતાનું તેની સાથે વેવિશાળ કર્યું અને થોડા દીવસમાં તેમની શાદી થશે એવી વાત પ્રસરી ગઇ સર્વત્ર એ ખબર પ્રસરવાથી યદી બાદશાહના જાણવામાં આવી અને તેને એ ઉપરથી દ્વેષ ઉત્પન્ન થયો કે "અરે! મારા રાજ્યની કન્યાને બીજો પરાયો માણસ આવી વરી જાય એ કેવું નામોશી ભરેલુ" એવો વિચાર કરી તે કન્યાનું પોતે માગું કરીને તેને પરણ્યો. પરણતાંએ પરણ્યો પરંતુ તેને જેમ અગાઉથી ધારવાનું કારણ હતું તેમ ઝનુની હુસેન કે જે અરબસ્તાનમાં રાજ્ય કરતો હતો અને જેની સાથે એ કન્યાનું વેવિશાળ થઇ ચુકયું હતું તે એકાએક યુદ્ધ કરવા સજ્જ થઇ કરબલ્લામાં આવ્યો લડાઇ મહા ગંભીર થઇ બન્ને પક્ષો પુર્ણ રીતે ઝનુની હતા એટલે યુદ્ધ પુર જોરમાં જામ્યું અને બન્ને પક્ષના અમુક માણસો મરાયા પછી કરબલ્લાના ક્ષેત્રમાં હુસેન મરાયો. આ પ્રમાણે મૃત્યુને વશ થએલો હુસેન પીર થયો કે જે સૈયદ તરીકે ઓળખાય છે સૈયદ અને પીર એ ઇશ્વરના અંસ મનાય છે.

હુસેન મરાયા પછી કરબલ્લેથી તેની લાશ મક્કામાં લાવ્યા અને ત્યાં હૈયાતી મક્કામાં તેની કબર ચણાવી છે કે જ્યાં મુસલમાન ધર્મ પાળનારાઓ હજ કરવા જાય છે. આ કબર પીરની હોવાથી તેનું દર્શન પ્રત્યેક મુસલમાનને પાવન કરે છે એવું મત હોવાથી બને તેટલે શ્રમે બને તેટલો વ્યયે ત્યાં જાય છે અને પવિત્ર થાય છે પરંતુ એટલું નથી દરેક મુસલમાન હિંદુસ્તાનના ગમે તે ભાગમાંથી મક્કે હજ કરવા જઇ શકતા કારણકે મક્કા ઘણું દુર છે અને રેલવે વીગેરે સગવડ સાધન હોવા છતાં ગરીબીને લીધે માણસથી ત્યાંની યાત્રા થઇ શકે એમ નથી આ સ્થીતિ હોવાથી અને સૈયદ માટે દેહ અરપણ કર્યાનું નકી તેઓના મનમાં ઠસી જવાથી તેઓએ તેનું સમ કાંઇ કરવું જોઇએ એ દઢ આસ્તા મુસલમાનોમાં બંધાઇ ગઇ છે.

હવે એ બે વાતનું શી રીતે સમાધાન કરવું ? મક્કાની ખર્ચવાળી મુસાફરી તો થાય નહિ, અને કબરનું દર્શનતો કરવું; કબર વળી અરબસ્તાનમાં રહી તેથી હિંદુસ્તાનમાંજ કબરના દેખાવના તાજીઆ કરવાનો રિવાજ ચાલ્યો મુસલમાનો જ્યાં જ્યાં રહે છે ત્યાં સઘળે તાજીઆ કરવાનો રિવાજ નથી કારણકે હિંદુસ્તાન બહારના વતનીઓને મક્કા નજીક પડે છે અગર જોકે કરબલ્લામાં સૈયદ હુસેન પડયો અને કરબલા મક્કાથી ૧૦૦ એકસો ગાઉ દુર છે, છતાં મક્કા પવિત્ર ધામ હોવાને લીધે તેમજ હુસેનની જન્મભુમિ તથા રાજધાની હોવાને લીધે તેની લાસ મક્કે દફનાવવી દુરસ્ત માની હતી વળી કરબલ્લાએ રંગુની ભુમિ માટે ત્યાંતો નજ હોય.

આ પ્રમાણે હોવાથી હુસેનના સ્મરણ ચિન્હ તરીકે કબરનો આકાર બનાવે છે અને તેને શણગારે છે, બુરજ ઘુમટ વગેરે ઠાઠ બરાબર કરી તાજીઆ બનાવવામાં ગમે તે ખર્ચ થાય તોપણ પાછી પાનીએ લોકો કરતા નથી. તવંગર મુસલમાન વધારે કિમતી સામાન વાપરે તો સાધારણ સ્થીતીનો તેથી સ્હેજ ન્યુનતા રાખેછે; પરંતુ ગજા ઉપરાંત ખર્ચ કરે છે તેતો નિઃસંદેહપણે કહી શકાય વળી ગરીબ લોકો ઉધરાણું કરીને પણ આ સ્મરણ ચીન્હ દરવરસે ઉભું કરે છે અને પ્રત્યેક જણ ધર્મની લાગણી તીવ્રપણે બતાવવા ચુકતો નથી.

તાજીઆ ઉપર પુતળી બનાવી ચોડે છે તે પુતળી હુસેન સૈયદની બેગમ થવા જે બાઇ નિર્માણ થઇ હતી અને જેને માટે તેણે જીંદગી અર્પણ કરી તેની આકૃતિ છે. કબર ઉપર પુતળી બનાવી મુકવાથી જે સંસારસુખ તે બાઇના સંબંધથી સૈયદહુસેનને ભોગવવાની તૃષ્ણા હતી તે સુખ જાણે તેણે પ્રાપ્ત કર્યું હોય એમ મુસલમાનો માનતા હોય એમ જણાય છે. વળી એક બીજી દંતકથા પ્રમાણે જોઇએ તો હાજી તથા હુસેન એ બેઉ ભાઇઓ સબંધે આ સ્મરણ ચિન્હ સ્થાય છે પરંતુ વાસ્તવિક રિતે નિરીક્ષણ કરતા જણાય છે કે હાજી હુસેન નામના એકજ માણસનું નામ કુરાનમાં સુપ્રસિદ્ધ છે અને તેથીજ તાજીઆમાં મરસીયા (Elegy) અથવા છાજીઆ લેતી વખત તેમજ ધર્મની ઝનુનમાં રણક્ષેત્રનુ જાણે આબેહુબજ ચિતાર ખડો કરતા હોય નહિ એ પ્રમાણે લાકડીઓ સહિત પેરા ભરતા, કુદતા મુસલમાનો " યાહુસેન " "યાહુસેન" બોલે છે તેનો સ્પષ્ટ રીતે જોતાં "હાજી હુસેન" શબ્દ હોય એમ નક્કી થાય છે પીરના મરાયાદ્ સ્મરણ કરનાર સંસકાર તથા તેની સાથે ઉદ્ભુત થતા બીજા સંસકારો પણ એવી સબળ અસર કરી જાય છે કે તેજ ધર્મનો મુખ્ય વિધિ ગણી બેસે છે ઉપર કહ્યા મુજબ માલ પીર ગમખ્વારના મરણના માનની ખાતર આ પૃથા નિર્માણ થયલી છે છતા ઝનુન એવી લાગુ પડે છે કે તે સમ્યે પોતાના દેહનુ ભાન ભુલી જઇ એકમય થઇ જતાં ઘણા લોકો તેમાં કેટલાકતો આ એકમય પણાનો શાન્તરસ ઉતપન્ન કરી પોતાની ભક્તિ દર્શાવીત કરવાને બદલે મુંગે મોંહે રડે છે અગર ગ્લાનિ માત્ર પ્રગટ કરે છે.

મુદ્દો એજ છેકે મક્કે જવું બહુ ખરચ અને શ્રમને પરિણામે બને અને એ હિંદુસ્તાનના વતની મુસલમાનો કબરનો દેખાવ બનાવી પ્રતી સંવતસરે તે મુદ્દાનો ચિતાર ખડો કરી તાજીઆરૂપી કબરને દરીયામાં દફનાવે છે. જેમ કબર ઉપર ફુલ

ગાર અને ઠાઠ ઉમદા પ્રકારનો તેમ સારૂં એવું માની મુસલમાન લોકો પોતેજ એ બનાવવાનું કામ હાથમાં લેછે અને સાંગોપાગ પાર ઉતારે છે ઉચકવામાં ભાર ન લાગે માટે કબરરૂપી તાજીઆનું કામ લાકડાના ઓઠાં ઉપર કરે છે અને રચનામાં પણ કાગળ તથા કાચ અને મીણાકારી વસ્તુઓ સિવાય બીજુ કાંઇ વાપરતા નથી એક સ્થાનેથી બીજે સ્થાને લઇ જવા માટે તેને હલકો બનાવે છે.

આ દિવસોમાં મુસલમાન લોકો પોકારો કરે છે અને અધિક પવિત્રતા માટે તેઓ અપવાસ કરે છે કેટલાક મોહોરમના દશ દીવશ સુધી રોજા રાખે છે અને કોઇ તેથી ઓછા રાખે છે પણ તેઓ રોજા રાખવામાં ચુકતા નથી.

છેવટનો દીવસ કે જે દીવસને તાબુત ટાઢા કરવાનો અથવા કે પાણીમાં કબરને સમુદ્રમાં દફનાવવાનો ગણ્યો છે તે દીવસે તેઓ જમે છે, તે દીવસની આગલી રાતને કતલની રાત કહે છે તે રાત્રે હુસેન સૈયદ કરબલ્લાના મેદાનમાં લડાઇ કરતાં મરાયો હતો આ રાત્રી તેઓ માંતીવ્ર જનુન પ્રકટકરે છે અને તે ઝનુની લાગણી છેક સમુદ્રમાં તાજીઆ નાંખી દેવાય ત્યારે માત્ર શાંત થાય છે આ સમય, લગભગ ચાલીસ કલાકનો છે અને તે દરમ્યાન તે લોકો બહુ ઉશકેરાએલા રહે છે કતલ થએલો હુસેન તેઓના ઉભરાને પુષ્ટી આપે છે. અને જાણે દરેકના શરીરમાં હુસેનનો આતમા ભરાયો હોય નહી તે પ્રમાણે તેઓ વરતે છે એવે વખતે જો કોઇ તેમને જરા પણ ગુસ્સે કરે તો એવા આવેશમાં તેઓ શું નહી કરે એ કહી શકાતું નથી પોતાના ઘરથી કતલની રાતે તાજીઆ બહાર મેદાનમાં લઇ જવાનો ચાલ છે. તે એવું સુચવે છે કે સૈયદ હુસેન પોતાના ઘેરથી સજ્જ થઇ કરબલ્લાના મેદાનમાં યુદ્ધ માટે ગયો અને ત્યાં તેની કતલ થઇ એ ઉપરથી દરેક તાજીઆ બનાવનાર જાણે હુસેનના વાવટા તળે યુદ્ધ કરનારા ની જુદી જુદી ટુકડી હોય નહી એ પ્રમાણે પોતપોતાને ઘેરથી નીકળી બહાર ખુલ્લા મેદાનમાં એકત્ર આવવા તૈયારી કરે છે અને છેવટે આવી પહોચે છે.

પરંતુ આ વખતનું આગમન એ ભયંકર મામલો છે આ વખતે પહેલ કોણ કરે! જવામાં અનુક્રમ કેવો રાખવો એવા એવા નિશ્ચય કરવામાં ઝનુન વારંવાર પ્રગટી નીકળે છે અને એ મામલામાં મારામારી તથા ખુન ખરાબી પણ ઘણીવાર થઇ પડે છે જો રાજ્ય કર્તા તરફથી બરાબર બંદોબસ્ત રાખવામાં ના આવે તો તેઓ ભારે જંગ મચાવે અને દુઃખદાયક દેખાવ પણ બનાવી દે એટલા માટે કતલની રાત્રીથી તે તાજીઆ ટાઢા થાય ત્યાં સુધી અતીશય સાવચેતી તેમજ બાહોશપણું પોલીસ વર્ગને રાખવું પડે છે.

જેમ લશકરને લડવામાં ઉશકેરનાર વાજાં વીગેરે સાહીત્ય હોય છે તેમ પણ કતલની રાત્રીથી ચાલીસ કલાક સુધી એવા સાહીત્ય સામીલ રખાય છે સતવર ઉશકેરાય, તેનું લોહી જલદી ઉકળી આવે અને એવો માણુસ એકાએક જાઇ મરણીઓ થઇને પણ લડે એ સ્વભાવિક છે. તે પ્રમાણે આ વખતે મુસલમાને છે તેમાં વળી સહાય ભુત ધર્મની લાગણી થાય છે ત્યારે પછી તો પરિણામ શું ? આમાં હકની તકરારો ઉત્પન્ન થાય છે શીઆ સુન્ની વચ્ચે પણ તોફાન થવા

છે અને હીંદુ તથા મુસલમાનોને પણ ઝગડો થઇ જવાનું કોઇ કોઇ પ્રસંગે બની આવે છે.

ધર્મની આવી લાગણી તીવ્રપણે પ્રગટ થવા દેવી અને ભયંકર પરિણામે લઇ જવી એ વ્યાજબી નથી એવું જ્ઞાન ઘણા થોડાને થાય છે અને જો અન્યક્ષણે થાય તો પણ ખરે વખતે તે જ્ઞાન કામે લગાડવાનું ભાનતો ઘણા માણુસો ભૂલી જાય છે કહ્યું છે કે ભોજન કર્યા પછી જે તૃપતિ થાય છે તે તૃપતિથી માણુસને ફરી ભોજન કરવા તરફ તાતકાળીક વલણુ થતું નથી અને જો પેટમાં અધિક ભાર ભરાય તો તો પછી "હવે નહીંજ જમવું" એવો દૃઢ નિશ્ચય તેના મનમાં ઘડીભર ઠસે છે માટે કવી કહે છે કે श्मशानांते, भोजनांते, मैथुनांते, तथैवच । या मति, सामतिः स्याश्चेत्, नरोमुच्यते, बंधनात् ॥ માટે ધર્મ નીતીવ લાગણી હોવા છતાં પણુ જ્યારે બીજી બધી જાતની ફરજો સ્મરણુમાં રાખીને વર્તન થાય તે વ્યાજબી રસ્તો ગણાય દર સાલ જેજે તોફાન મચે છે તે બધાં બંધ પડી જાય અને સલાહ સંપથી સૌ કોઇ પોતાનો ધર્મ પાળે. વળી ગઇ સાલમાં મુંબાઇમાં ઉતપન્ન થયો હતો તેવો દેખાવ, શાંતીને વખતે વિચાર કરનાર હરકોઇ માણુસ સ્હેજ વારમાં કહી શકશે કે કોઇ પણ રીતે યોગ્ય ન હતો આવા દેખાવતો ઘણે સ્થાને થઇ જાય છે પણ બધા નાહના મોહટા સ્થાનોની રીતસર નોંધ થતી નથી એટલે ખબર પડવાનો સંભવ નથી. ટુંકમાં આવી લાગણીનું પ્રદર્શન કોઇ પ્રકારે ઇચ્છવા લાયક નથી એ સપષ્ટ જણાય છે.

હવે તાબુત્આ દરીઆમાં દફનાવે છે તેનું કારણુ માત્ર એટલું સમજાય છે કે જમીન ઉપર મળમુત્ર ઇત્યાદિની અપવિત્રતા ઘણી થાયછે, અને સમુદ્રના પાણીમાં પવિત્રતા રહેલી છે એમ મુસલમાન લોકો માને છે, તેથી જમીન ઉપર કાંઇ કરવું દુરસ્ત ધારતા નથી અગર જોકે સૈયદ હુસેનની કબર તો જમીન ઉપરજ બંધાઇ હતી તોપણુ પાક સ્થળ સમુદ્રના પાણીને માનીને તેમાં તાબુત્આ દફનાવે છે. વળી જમીન ઉપર કોઇપણુ પ્રાણી તાબુત્આને નુકસાન કરે એવો સંભવ જે રહે છે તે સમુદ્ર માટે દુર થાય છે.

તાબુત્આ ચાલતા જાય છે ત્યારે પાણીની પખાલ વીગેરે રેડે છે અને કેટલાકતો એવી બાધા રાખે છે કે અમુક માણુસને અમુક અનિચ્છિત દુર થાય તથા અમુક ઇષ્ટ પ્રાપ્ત થાય તો અમુક સંખ્યા પખાલની રેડાવવી આનું કારણુ એમ લાગે છે કે એકતો પીરહુસેન ઓલીઆ એટલે તેને નામે જે કરાય તે સફળ થાય એવી માન્યતા; બીજું એકે પાણી રેડવું કે રેડાવવું તેનું કારણુ એવું લાગે છે કે લોહીથી રેલછેલ થયેલ કપાયેલ મુસલમાન લડવૈયાના તૃષાથી તરસ થયેલ કંઠ શીતળ કરવા એ ઉદેશથી પાણી રેડવું દુરસ્ત ધાર્યું હશે અને ઓલીઆપીરનું સ્મરણુ કરવું એ તેઓનું અનિષ્ટ દુર કરે છે એવી દૃઢ આસ્થા તો કામ કરેજ

ટલાક વળી એવી આખડી બાધા રાખે છે કે "હું દીપડો બનીશ, વાઘ બનીશ, ,, ઇત્યાદી.

આપણેતો દીપડા થતા જોયા છે પરંતુ વૃધ્ધ પરંપરા તપાસતાં માલમ પડે છે કે ઊંટ અને હાથી પણુ કલ્પીત રીતે માણુસો બને છે. એ પ્રચાર માત્ર બાધાના પ્રકાર ઉપરથી કરીને આધાર રાખે છે. તેમાં એક દુન્દુન ઘોડો બનાવાય છે કે જે લાકડાના

માંચડા જેવો પોલો રાખી માહે એક માણસ પ્રવેશ કરી શકે એવો હોય છે આ ઘોડો ઘણું કરીને સૈયદ હુસેનના માનમાં બનાવાય છે અને તેને બાધા આખડી સાથે સબંધ હોવાનો સંભવ નથી કદાચ તે સૈયદ હુસેનના પોતાના ચડવાના ઘોડાના સ્મારક ચિન્હ તરીકે હોય.

આ પ્રમાણે કરવાનું રહસ્ય મનાય છે અને તે એક વખત બનાવ્યાતો પ્રતિસંવત્સર બનાવવા જોઇએ એવી ફરજ અનિવાર્ય પ્રાપ્ત થાય છે. જેવું કે હિંદુઓને માતાની ગરબીની સ્થાપના અનિવાર્ય છે, માનતા બાધા રખાય છે ગરબા ગાતાં ગાતાં ધર્મનો અધિક આવેશ પ્રકાશ પામે છે એવી રીતે તાજીઆમાં પણ છે જેમ માતાની ગરબી આશ્વિનમાસમાં આવે છે તેમ મુસલમાનોએ તાજીઆ માટે મોહોરમનો મહિનો પસંદ કરી રાખેલ છે.

શંભુપ્રસાદ શિવપ્રસાદ મહેતા.

બુદ્ધિપ્રકાશનો વધારો.

ગયા ફેબરૂઆરી માસના અંકમાં પૃષ્ટ ૪૦ થી ૪૪ ઉપર "તાજીઆ વિષે ટુંક હકીકત" એ વિષય છાપેલો છે, તે ઉપરથી કેટલાક મુસલમાન ભાઇઓના દીલ દુખાયાં છે એમ અમારા જાણવામાં આવ્યું છે, અને તેથી અમે દિલગીર છીએ.

"બુદ્ધિપ્રકાશ"માં કોઇ પણ ધર્મનો વિષય લેવો નહીં એવો સખ્ત નિયમ છે, અને રા. શંભુપ્રસાદ શિવપ્રસાદ મહેતા, બી. એ. એ મોકલેલો વિષય ધર્મનો ન હોવો જોઇએ એમ સમજીને ભુલથી સોસાઈટીના નિયમ વિરૂદ્ધ છાપવામાં આવ્યો છે, તે આથી રદ કરવામાં આવે છે.

ઉમેદભાઇ લાખાભાઇ પટેલ
એડીટર—"બુદ્ધિપ્રકાશ"

તા. ૮—૭—૧૯૦૫

જ્ઞાન રહિત બુદ્ધિના પ્રકાશનો વિનાશ.

એટલે.

સને ૧૯૦૫ ના ફેબ્રુઆરી માસના બુદ્ધિપ્રકાશમાં એક હિંદુએ લખેલી "તાજીઆ વિષે ટુંક હકીકત"નું પુરેપુરૂં ખંડન અને

"તાજીઆ વિષે ખરી હકીકત."

કોઇ પણ માણસને જે વિષેનું જ્ઞાન ન હોય અને તે વિષય હાથમાં ધરે તથા તે વિષય સારી પેઠે ચર્ચાવવાની ડંફાંસ મારે તેને વિદ્વાન વર્ગ મુર્ખ અને ભણ્યો પણ ગણ્યો નહિ એવી ઉપમા સિવાય બીજી કંઇ ઉપમા આપશે. એ જરા વિચારવાનું છે અને એવી નકામી ડંફાંસ મારનારા અને અજ્ઞાન પુરૂષોથી કોઇકોઇવાર દેશની શાન્તિમાં ભારે ખળભળાટ ઉત્પન્ન થઇ જવાનો સંભવ રહે છે. લોકોની સુખશાન્તિમાં ભારે ખલેલ પડે અને માંહોમાંહે એકતા અને સંપનું બંધાતુ ધોરણ આવા માણસોનાજ કારણથી નાશ પામે એ બનવા જોગ છે. ભુતકાળમાં એવા બનાવ કેટલા બની ગયા અને તેના કેવા પરિણામ આવ્યા તેની તફસીલ ભવિષ્યના કોઇ યોગ્ય પ્રસંગ ઉપર મુલતવી રાખીને હાલમાં એક તાજા બનેલા બનાવ તરફ વિદ્વાન વર્ગ તેમજ સામાન્ય સમુહના લક્ષ ખેંચવાનું અમો મુનાસબ સમજીએ છીએ, સર્વે સદ્ગૃહસ્થોના સ્મરણ બહાર નહિજ હોય કે ચાલુ સાલના ફેબ્રુઆરીમાસના **બુદ્ધિપ્રકાશ** પૃષ્ટ ૪૦ થી ૪૪ સુધીમાં એક **"તાજીઆ વિષે ટુંક હકિકત"** એ નામનો વિષય એક હિંદુ **શંભુપ્રસાદ શિવપ્રસાદ મેહેતા બી. એ.** ના હાથનો લખાયલો પ્રગટ થયો હતો તેણે મુસલમાનોની લાગણીઓને એવું દુઃખ પોહોચાડયું છે કે દુનિયાની અખુટ દોલત પણ તે દુઃખનો બદલો વાળી શકે નહિં, લેખક તે વિષયથી પુર્ણ અજ્ઞાન હોય એટલુંજ નહિ પણ બી. એ. સુધી વિદ્યા સંપાદન કરવામાં તે કોણ જાણે સભ્યતાનો અથવા વિવેકનો પાઠ પણ ભણ્યા છે કે નહિ, એવી શંકા તરત ઉત્પન્ન થયા વિના રહેતી નથી. આર્ટીકલમાં લખેલી બીના બચિતજ ખોટી અને તદન જુઠી અને મુસલમાનોના મહાન પવિત્ર ઇસ્લામ ઉપર એક પ્રકારની સ્પષ્ટ બદનામી હોવા ઉપરાંત લેખકે સદરહુ આર્ટીકલમાં મુસલમાનોના **"મહાન પવિત્રમાઆસમ ઇમામ હઝરત હુસયન"** કે જેઓના નામ ઉપર આખી દુન્યામાંથી કરોડો મુસલમાનો પોતાનો જાનમાલ કુરબાન કરવા તૈયાર છે તે મહાન ઇમામને એવા તોછડા શબ્દોથી વર્ણવેલા છે કે મુસલમાનોના દીલ દુખાયજ. અમારા હિંદુભાઇઓ સારી પેઠે જાણે છે કે જો એવી રીતે તેઓના કોઇ પણ ગુરૂને કોઇ માણસ કદાપિ કાંઇ બોલે જાય તો તેઓની લાગણી કેટલી દુભાશે. શું અમારા મજકુર બી. એ. સાહેબ એટલું પણ જાણતા નથી કે માણસ જે બાબત આગળ પોતાના જાનમાલની અને બાલબચ્ચાની દરકાર કરતો નથી અને પોતાના સર્વે કુટુંબીઓ સહિત કપાઇ મરવામાં પણ જરાએ પાછી પાની કરતો નથી અથવા ડરતો નથી તે બાબત ધર્મ છે. ધર્મની લાગણી બીજી બધી લાગણીઓ કરતાં વિશેષ તીવ્ર હોય છે માણસને ઉશ્કેરવામાં અથવા શાન્ત પાડવામાં ધર્મને જે ચમત્કારી શક્તિ મળેલી છે તેવી બીજા કોઇ મોહોટા લેકચરને કિંવા દુનિયાની કોઇ પણ મોહક વ

સ્તુને મળેલી નથી. અત્યાર સુધી દુનિયામાં જે મોહોટા ફેરફાર થયા છે રાજયોના રાજ્ય બદલાઇ ગયા છે તેમાંના ઘણા ખરા ધર્મનાજ પ્રતાપે. લેખકે લખતી વખતે કાંઇ વિચાર રાખવો જોઇતોજ હતો. આર્ટીકલથી કીર્તી પ્રાપ્ત થવાને બદલે અથવા વિદ્વતાનું ડોળ જાહેર થવાને બદલે મારી આવી નામોશી થશે એવું શું તેઓને જરાએ ભાન આવ્યું નહિ હોય? અજબ! જો વિદ્વાનના કામ એવાજ હોય કે જેમ પોતાના મગજમાં આવ્યું તેમ ભરડી અથવા ભચડી મારવું અને તે વિષે કાંઇ દુર અંદેશી ન કરવી તો એવા વિદ્વાનને લાખોવાર દુરથીજ સલામ છે. મુસલમાનો ઉપર અમારા હિંદુભાઇઓએ જાહેર પત્રદ્વારા આ પેહેલોજ હુમલો કર્યો હોય અથવા મુસલમાનોની લાગણીને પેહેલીજવાર દુભાવિ હોય તેમ નથી. વારંવાર મુસલમાનોને તેઓ જુલમી, નીચ, યવન, મ્લેચ્છ, અને એવાજ વિષેશણોથી હમેશાં યાદ કરતાંજ આવ્યા છે તેના બદલે મુસલમાનોએ માત્ર પોતાની જુની રૂઢી પ્રમાણે ધૈર્યતા, અને સહન શીલતાજ બતાવી છે અને આમ કરવાથી તેઓ પોતાના સ્વદેશી બંધુઓનું અરે આર્યનબંધુઓનું મન દુઃખાવે જાય છે. હિંદુસ્તાનમાં વસ્તા મુસલમાનોની સંખ્યામાંથી મોહોટી સંખ્યા ભારત વાશીઓનીજ છે જેઓ પવિત્ર ઇસ્લામની સત્યતા જોઇ તે ઉપર મોહિત થઇ મુર્તી પુજનનું ત્યાગ કરી તે મહાન ઇસ્લામમાં દાખલ થયેલા છે અને તેમાંનો એક હોવાનું હું પણ માન ધરાવું છું પરદેશવાશી મુસલમાનો તો માત્ર સૈયદ, મુગલ, પઠાણ, અને શેખ છે તે વિના બીજા બધા ભારતવાશી હિંદુઓના આર્યન બંધુઓજ છે. હિંદુ તેઓને પણ વટલાઇ ગયલા અને તલવારના ભયથી થયેલા મુસલમાનો કહેતા ચુકતા નથી પણ જરા વધારે વિચાર કરે તો તે લોકોને એમ જણાશે નહિં તેઓમાંના ઘણા લોકોએ ઇસ્લામ ધર્મ પોતાની રાજી ખુશીથી સ્વીકારેલો છે અને જેને એ બાબતની દલીલ જોવી હોય તો તેણે અમદાવાદથી સાત ગાઉ ઉપર આવેલા પીરાણા અથવા આગાખાનના પંથને જોવુ જેમાં હજારો હિંદુઓ ગુપ્તપણે ઇસ્લામ કબુલ કરી રાત [illegible]ના સુત્ર "લાઇલા હા ઇલ્લલ્લાહ મોહમ્મદુર રસુલુલ્લાહ" નું રટણ કરે જાય છે અને પ્રસંગ આવે પ્રગટથઇ ખુલ્લા મુસલમાન પણ બની જાય છે અને આવી રીતે મુસલમાનોની સંખ્યા દરેક વર્ષે મોશનરીયો જેવી અથાગ મહેનત વિના ઇશ્વરી સહાયથી વધતીજ જાય છે તે ઉપરાંત હિંદુઓમાના મોહટા મોહટા વિદ્વાન સત્યતા ઉપર મોહિત થઇ ઇસ્લામમાં દાખલ થયલા છે હમણાજ હયદરાબાદમાં ડોકટર નીશીકન્ટ ચતુ[illegible] કે જેઓ જાણીતા અને કેટલીક ભાષાઓના જાણનારા તથા મહાન વિદ્વાન છે તે પોતે મુસલમાન થયા. (જુઓ અલ-હિલાલ અંક સાતમો) શું આ બધા હિંદુઓના સ્વદેશી બંધુઓ અને આર્યનો નથી? શું તેઓની લાગણીઓ દુભાવવી તે પોતાની લાગણીઓ દુભાવવા સમાન નથી? શું આવી હિલચાલોથી સ્વતંત્ર વિચારવાળા મુસલમાનોની શાન્તીમાં ખલલ નાંખવાનો ગુનોહ થ[illegible] નથી? મોહટા મોહટા જાહેર મેલાવડામાં "મુસલમાનો અમારા બંધુઓ છે અ[illegible] આંખ સમાન છે અમારે અને તેઓને હલીમલીને ચાલવું જોઇએ" એવા લેક્ચરો અ[illegible] અને અપાર પ્રેમભાવ દર્શાવાય છે પણ તે સઘળું જ્યાંસુધી મંડપની હદમાં હોય ત્યાંજ બહાર નીકળ્યાં એટલે જેવા હતા તેવા પાછા થઇ ગયા અફસોસ હજાર અફસોસ આવ[illegible] [illegible] હોવાના કારણથીજ દેશનું કલ્યાણ થતું નથી અને ભારતવાશીઓનું [illegible]

ભતાં વેઠવી પડે છે. જ્યાં સુધી દરેક વ્યક્તીના મનમાં એક બીજાના તરફથી શુદ્ધ લાગણી અને વાસ્તવીક પ્રીતી હશે નહિ ત્યાં સુધી સંપની આશા રાખવી કે દેશનું કલ્યાણ કરવું એ હવામાં કીલ્લા બાંધવા સમાન છે. જો કોઇમાં કાંઇ એબ કિંવા ખામી હોય અને તેને સુધારવા ચાહતા હોયતો તેઓએ તે ખામીવાલાઓ સાથે એવી નમ્રતાથી અને એવી પુર્ણ ભાવનાથી વર્તવું જોઇએ કે સામાવાલાઓ તેના સહવાસમાં રહેવાને વધારે પસંદ કરે અને પોતાની એબોનું ભાન ધરી તેઓનો ત્યાગ કરે; નહિં કે તેમને અજ્ઞાન, મુર્ખ, જનુની, વિગેરે વિગેરે વિશેષણોની સાથે શીખામણ આપવી, આમ કરવાથી તો સામાવાળા દુર્જન થવાના. મુસલમાનો સાથે કેટલાક હિંદુઓ સંપ બાંધવાનુ જાહેર કરે છે અને બાહ્યચારો વધારવાનો વિચાર દર્શાવે છે પણ અંતરમાં તેથી ઉલ્ટાજ વર્તે છે મુસલમાનોના નજીવા કામો ઉપર જાહેર પત્રોમાં, સભાઓમાં, નોવેલ, તથા નાટકોમાં પણ એવી અસભ્યતાથી ટીકાઓ થયેલી છે કે મુસલમાનોનુંજ મન તેની બરદાશ કરી શકે. જાહેર સ્ટેજ ઉપર કાબેલ કેહવાતા હિંદુઓ નિચ, મલેચ્છ, યવન, અને જુલમીની ઉપમા આપતા પણ ચુકતા નથી જેથી મુસલમાનો નિરંતર દીલગીરીની સાથે તેઓથી અળગા રહેવાનેજ ચાહેછે. હમણા અમદાવાદમાં "**મોહમેડન નેશનલ એસોસિએશન**" ની સ્થાપના થઇ તે વખતે હિંદુ પત્રોએ મુસલમાનો વિશે શું કરવું બાકી રાખ્યું છે તોપણ મુસલમાનો ચુપ બેસી રહયા, હવેતો અંગત ટીકાથી આગળ વધીને મુસલમાની ધર્મના આગેવાનો ઉપર પણ પોતાની અજ્ઞાનતાનો હાથ લંબાવવા માંડયો હવે જ્યારે હદ થઇ ગઇ ત્યારે મુસલમાનો પણ તેવાઓની સાથે તુરકી બ તુરકી ચાલે તે બીના બીજો ક્યુ કરે નથી, હિંદુઓ મુસલમાનોમાં થઇ ગયલા બાદશાહોને પણ એવા એવા શબ્દોથી યાદ કરતા આવ્યા છે કે મુસલમાનોના મનમાં હજુ તેનું દુઃખ બાકી છે મુસલમાનોમાંના ન્યાયી અને ધર્મચુસ્ત દીલીના બાદશાહોને પણ જુલ્મી, અન્યાયી, અને નિર્દય, લખતાં ચુકતા નથી. હિંદુઓ જે રાજાઓને ધર્મચુસ્ત અને તેઓના દરેક કાર્યને ન્યાય ... અનુસરતા માનતા હોય તેવાને કોઇ શખસ અગર કાંઇ બોલેતો હિંદુઓને કેટલુ દુઃખ થાય, અરે મારા ધારવા પ્રમાણે તો ખાવું પીવુંએ સુઝે નહિ દાખલા શોધવા હોય તો દુર સુધી દોડી જવાની જરૂર નથી. નામદાર લોર્ડ કરઝને કરેલી સ્હેજ ટકોર ઉપર પડેલા ચુંથણાં જોવાંજ બસ થશે. વળી હમણા એક પાદરીએ જરા હિંદુ ધર્મ ઉપર ટીકા કરી તો અત્રેના **ગુજરાતી પંચમાં** પણ ગડબડાટ થઇ ગયો હતો. પોતાને માટે જ્યારે એટલું લાગે છે તોપછી કોઇ હિંદુની જીભ છુટી મૂકાતાં એક શુદ્ધ મુસલમાનને કેમ માઠુ ન લાગે તેનો વિચાર પણ રાખવા જોઇએ, કેટલાંક ગ્રંથ એવાં પણ હોવાં જોઇએ કે જેમને હિંદુશાસ્ત્ર સારાં ગણે છે અને મુસલમાનનું શાસ્ત્ર તેમને નઠારાં ગણે છે અને જેને મુસલમાનનું શાસ્ત્ર સારૂં ગણે તેને હિંદુ નઠારૂં પણ ગણે, જ્યારે એટલો બધો મતભેદ ચાલ્યો આવે છે ત્યારે તેમાં વિશેષ ચર્ચા એ ડાહ્યાઓનું કામ નથી. અમારા દેશ હિત ચિંતક હિંદુઓ ભલે એમ ધારેકે મુસલમાન બાદશાહો જુલમી હતા અને અન્યાયી પણ હતા તોપણ આવા સલાહ શાન્તીના વખતમાં કે જ્યારે ઐક્યતાની ગાંઠ બાંધવાની ઘણી જરૂર છે ત્યારે તે ભુતકાળની ખરી કે ખોટી બીનાઓનું સ્મરણ કરવાનું વર્તમાનકાળે શો લાભ છે? હમણાજ મારા હાથમાં ગુજરાત વર્નાક્યુલર

સોસાઇટીની "**ગુજરાતના ભીખારીઓ**" એ નામની ચોપડી આવેલી છે જેમાં પૃષ્ટ ૪૫ ઉપર લખ્યું છે કે, "ચોરીનું ચંડાળે જાય ને પાપી હાથ ઘસતો થાય." એ કાંઇ ખોટું નથી મફતનો માલ પચે ટકે નહિ મુસલમાની રાજ્યમાં જુલમ કરીને તેમણે હરામનો જે પૈસો એકઠો કર્યો હતો તે શી રીતે ટકે? મફતના મળેલા પૈસા મોજ શોખમાં અને ચેન બાજીમાં ઉડાવે તેમાં શી નવાઇ?" આ વાકય ઉપર વિચારવંત સાહેબો જરા લક્ષ દેશે; શું મુસલમાનોના સામાન્ય વર્ણન ઉપર આ ચોખો હુમલો નહિં તો બીજું શું કહેવાય? આવા પુસ્તકોને વર્નાક્યુલર સોસાઇટી તરફથી ઉત્તેજન મળતું જોઇ બુદ્ધિપ્રકાશના લાયક લેખક મી. શંભુપ્રસાદ તો વળી મુસલમાનોની ચુપકીદીનો લાભ લઇ મુસલમાનોના ઇમામ અને ખુદ હઝરત **મોહમદ સ૦** ના પ્યારા પુત્ર **હઝરત હુસયન** સુધી જઇ પોહોચ્યા. ધન્ય છે આ ધર્મ ધુરંધરને! ખુદા એવા સ્વધર્મથી અમને તો દુરજ રાખે. અમારા હઝરતને લેખકે **શ્રી કૃષ્ણજી** જેવા સમજી પ્યારમાં પડેલા લેખ્યા પણ તેણે તવારીખ (ઇતિહાસ) વાંચી હોત તો તે યુદ્ધનું ખરેખરૂં કારણ જાણત. મજકુર લેખમાં મુસલમાનોની લાગણી દુભાવનારા ઘણા વિશેષણો છે જે લંબાણ થવાની બીકથી અત્રે લખતો નથી બીજે સ્થળે તેની પણ ખબર લઇ ન્યાય અને અન્યાયને જુદું પાડી બતાવીશ. મુસલમાનોના મોટા ઇમામો ઉપર આવો ગુસ્તાખી ભરેલો હુમલો થયા બાદ ઇસ્લામીઓની લાગણી દુભાઇ છે એમ જાણી "બુદ્ધિપ્રકાશ"ના માનવંત એડીટરે જે વધારાની ચબરખી પ્રગટ કરી છે તે હુમલાના પ્રમાણમાં જરાએ સંતોષકારક નથી. વળી તેમાં એવું પણ બતાવ્યું નથી કે સદર લેખ તદન ખોટો અને દીલ દુખાવનાર હોવાથી ખેંચી લેવામાં આવે છે અને તે લખવાને બદલે લેખક અને છાપવા માટે એડીટર વિગેરે ઘણાજ દીલગીર છે વિગેરે વિગેરે. ઉલટું તે લખાણની ઢબ ઉપરથી તો એમજ જણાય છે કે જાણે એડીટર, કલેકટર સાહેબના બંગલે બોલાવવામાં આવેલા સદગૃહસ્થો તો એક પ્રકારે મશ્કરી કરે છે, અથવા તેમને બાળકોની પેઠેજ ગણી કાઢે છે. પ્રથમ તો તે લેખકનેજ ઠપકો આપવો જોઇતો હતો અને જો એડીટર ન્યાયી હોય તથા સોસાઇટી ખરેખર દિલગીર થઇ હોય તો અમારા આ રદીઆનેજ પોતાના પેપરમાં પ્રગટ કરે, પણ અમે ધારીએ છીએ કે તેઓ કદી તેમ કરવા રાજી થશે નહિં સદર લેખના વાંચવાથી શું ખબર નહિ પડી હોય કે આ પ્રગટ કરવા જોગ છે કે નહિ. ખરેખર ખબર પડેલી, પણ બુદ્ધિપ્રકાશના લાગતા વળગતાઓએ મુસલમાનો માટેનું લખાણ છે તેથી તે ગમે તેવું હોય તો પણ ખરૂંજ હોવું જોઇએ, એમ ધારીનેજ કદાપી "**ચલાવ લાલ ચલાવ**" કર્યું હશે, ખેર હવે હું આ [illegible] (ઉપોદ્ઘાત)ને પુર્ણ કર્યાબાદ આરટીકલની તદન ખોટી બીનાઓ જાહેર કરૂં છું અને લેખક એ વિષયમાં કેટલો અજ્ઞાન છે તે સિદ્ધ કરી આપું છું આવી હિલચાલથી મશહુર થયલો લેખક તાજી [illegible] લિપિની શરૂઆતમાં એક દંતકથા લખે છે જેમાં **હાજી** અને **હુસેન** એ બે ભાઇ દર્શાવે છે. હાજી તે ક્યાહેલકરીનું નામ હતું તે કોઇ મુસલમાનની જાણમાં તો નથી. લે તેમના જેવાજ જ્ઞાનીઓ તરફથી મળેલી દંતકથાઓમાં હાજીની હીસ્ટરી આપી હોય તો જાણે, હા અલબત **હઝરત ઇમામ હસન** અને **હઝરત ઇમામ હુસયન** એ બન્ને હતા અને તેઓ **પયગમબર હઝરત મોહોમ્મદ સ૦** ની પવિત્ર પુત્રી જનાબ ફાતેમ

ના પેટે અવતરેલા અને હઝરત હૈયદર=અલી ના પુત્રો હતા. આગળ ચાલતાં લખે છે કે "તેઓ મકકે હજ કરવા જતા હતા તેવામાં રસ્તામાં ચોરોએ તેમને લુંટી લીધા" અરે વાહ લેખક તારૂં જ્ઞાન ! તે ખાસ ખુદાના પ્યારા અને હઝરત હૈયદરના શુરવીર અને પ્રતાપી દીકરાઓની આગળ તે બીચારા ચોરોની શી અસલ હતી ? તેઓના પિતાની અને તે બન્ને શાહઝાદાઓની શુરવીરતાનું વર્ણન વાંચવું હોય તો એડવર્ડ ગીબનની લખેલી The fall anddecline of the Roman Empire વાંચી જુઓ અને પછી આવી બાબતો કલમ બહાર કરતાં કાંઇ વીચાર કરો. વળી લખે છે કે "તેઓ નહાસીને એક વાવમાં ભરાઇ બેઠા પણ ચોરોએ તેઓને જીવતા ન મુકવાના નિશ્ચયથી પુઠે પડી શોધ કરી રાખી રસ્તામાં કાકીડો મલ્યો અને તે કાકીડો વાવના બહારના ભાગમાં બેઠો હતો તેને ચોરોએ પુછયું પણ વાચા ન હોવા છતાં જાણે એ પ્રશ્નનો મર્મ સમજ્યો છે એમ બતાવી કાકીડાએ ડોકી ડોલાવી અને એવું સમજાવ્યું કે એ બન્ને હાજી અને હુસેન એજ વાવમાં ભરાઇ બેઠા છે એ ભેદ જાણ્યા પછી ચોરોએ તે વાવમાં પ્રવેશ કર્યો અને બન્ને ભાઇઓને પકડી મારી નાંખ્યા આ ઉપરથી હાજી હુસેનના અકાળ મૃત્યુના સ્મરણાર્થે મુસલમાનો એક જાત ચિન્હ ઉભું કરે છે તેને તાજીઆ કહે છે." અહા ! કેવી અજ્ઞાનતા ! પ્રથમતો આ દંતકથાજ તેઓના મનમાં ઉગી હોય એમ લાગે છે કોઇ પણ મુસલમાને સ્વપનામાં પણ આ દંતકથા તે શાહઝાદાઓ માટે સાંભળી નથી જો લેખકભાઇ ઉરદુ, ફારસી, કે અરબ્બી, (પણ બીચારા એવા ભાગ્યશાળી ક્યાંથી હોય કે એ ભાષાઓ જાણે, મલેચ્છ ભાષાઓ એટલે કદાચ અભડાઇ જાય) જાણતા હોત અને તે નહિતો ઇંગ્રેજોએ તેઓના વર્ણનમાં લખેલી મોહટી મોહટી તવારીખો અગર માત્ર The fall and decline of the Roman Empire એજ તવારીખ વાંચી જોતતો આ દંતકથા લખવાની નાદાની અને મુર્ખાઇ કરત નહિં આગળ ચાલતાં લખે છે કે "મુસલમાન લોકોમાં બે વિભાગ છે. શીઆ અને સુન્ની, સુન્ની લોકમાં લોટીઆ વોહરા તથા મેમણ ખોજાનો સમાવેશ થાય છે તેઓ જૂદા પડયા તેનુ કારણ એ છે કે તેઓ ત્રણ પેગમબરને માને છે. શીઆ લોકો તે બીજા બધા મુસલમાનો તેમાં કાજી, તાઇ, પઠાણ, મુગલ ઇત્યાદી સર્વનો સમાવેશ થાય છે આ બધા ચાર પેગમબરને માને છે આ બે પંથની ઉત્પતિ "નબી" સાહેબના સમયમાં થયલી છે એવું કુરાનમાં લખ્યું છે. નબી સાહેબના ચાર મિત્રો તે ચાર પેગમબરો, અને તેમના નામ અબુબકર ઉમર, ઉસ્માન અને હૈદરઅલી."

લેખક બી એ. સુધી વિદ્યા સંપાદન કરવા અર્થે જ્યારે કોલેજમાં જતા હશે ત્યારે કોઇ મુસલમાન વિદ્યાર્થીના સમાગમમાં આવ્યા હોય તેમ પણ દિસતું નથી. જો એમ હોત તો મુસલમાનોના બે વિભાગની વહેંચણી જેવી રીતે કરી છે તેમ કરતજ નહિં, લોટીઆ વોહરા અને ખોજા જે શીઆ પંથના છે તેમને સુન્નીમાં ભેળવી દેવા અને કાજી, તાઇ, પઠાણ, ...જત પક્ષના હોય તેમને શીઆમાં સામેલ કરી લેવા તે અંગ્રેજી ભણી ધર્મને બાજુએ ...ાર અને સર્વજ્ઞાન સંપન્નતું ડોળ દર્શાવનારની નજરે ભુલ રહિત જણાય તેમાં નવાઇજ ! મુસલમાનો શીઆસુન્ની પૈકી કોઇ પણ માત્ર ચાર પયગમબરોને માનતા નથી પણ ...સઘળા જાતને ઉપદેશ કરવા માટે ખુદાએ મોકલેલા પોતાના ખાસ એક લાખ ચોવીસ

હજાર અગર એંસી હજાર પયગમ્બરોને સત્ય માને છે અને તેમાંના છેલ્લા **હઝરત મહોમ્મદ સ૦** છે, જે હઝરતની પછી કોઇ પણ પયગમ્બરનો ધર્મ થનાર નથી અને જે થાય તે જુઠોજ. ઇસ્લામજ કયામત સુધી રહેવાનું માન ધરાવે છે. અને જે લેખકે ચાર નામ આપ્યા **હઝરત અબુબકર, હઝરત ઉમર, હઝરત ઉસ્માન અને હઝરત હયદર** તેઓ ચાર પયગમ્બર નહોતા પણ છેલ્લા પયગમ્બરના શિષ્યો અને તેઓની બાદ અનુક્રમે ગાદીએ બેસનાર ખલીફા હતા, તેઓમાના કોઇને પણ પયગમ્બર માનનારને મુસલમાનો મુસલમાન નહિ પણ કાફર ગણે અને તેવા માણસથી અળગાજ રહે. કેમ વાહારા હિંદુ ભાઇઓ? તમારામાંના વિદ્વાનની હીસ્ટરી બાબતની હુંશિયારી અને લાયકાત જોઇ લીધી? શીઆ અને સુન્નીઓમાં જે મત ભેદ છે તે આ વિષય સાથે જરાએ સબંધ ધરાવતો નથી માટે તે અત્રે લખી લંબાણ કરવાની જરૂર નથી વળી જ્યારે વિદ્વતા અને પોતાનું જ્ઞાન જાહેર કરવા લખે છે કે "હવે તાજીઆ કરવાનું ધર્મનું ફરમાન છે એમ શીઆ લોકો માની તાજીઆ બનાવે છે." "તાજીઆ બનાવવા" એવું ફરમાન કુરાનનું નથી; તેમ ઉપર લખેલી દંતકથા, અગર તને મળતી કોઇ પણ વાર્તા કુરાનમાં લખી નથી."

તાજીઆ બનાવવા ધર્મનું ફરમાન છે એવું શીઆ માનતાજ નથી અને ઇરાન જેવા શીઆઓના દેશમાં ઘણા સ્થળે એક તાજીઓ પણ બનાવવામાં આવતો નથી. તાજીઆ બનાવવા એ માત્ર એક રૂઢી પ્રચલિત થઇ ગએલી છે, અને તે રૂઢી **તયમુરલંગ** બાદશાહના વખતથી હયાતીમાં આવેલ છે, તે પેહલાં તાજીઆ શું છે તે કોઇ જાણતું પણ નહોતું હમણા શીઆ તથા સુન્ની લોક કેટલાક કાળથી ચાલતી આવેલી રૂઢી મુજબ જેમ તાજીઆ બનાવે છે તેમ કેટલાક હિંદુઓ પણ બનાવે છે.

નિચ તથા નાપાક **યઝીદ** અને પાક તથા પરદુઃખ ભંજન **હઝરત ઇમામહુસયન** વચ્ચે કરબલા નામના મથકે યુદ્ધ જામવાનું જે કારણ લેખકે આપ્યું છે તે સદંતર પાયા વિનાનું છે તે કારણ લખવામાં અજ્ઞાન લેખકે એવાતો અસભ્યતા ભર્યા શબ્દો વાપર્યા છે કે મુસલમાનોના હૃદયમાં કટારી સમાન ભોંકાય છે અને **હઝરત ઇમામ હુસયન,** યઝીદે શાદી કરી તે બાબત જાણી કરબલામાં યુદ્ધ કરવા ગયા તે તદ્દન જુઠ્ઠુ સદંતર જાઠુ પાયા વિનાનું લખ્યું છે. આવી વાતો કોઇ અભણ મુર્ખે બહાર પાડી હોતતો વધારે દીલગીર થવાનું પણ નહોતું. પરંતુ જ્યારે એક વિદ્વાનોમાં ખપવા માંગતા ગ્રેજ્યુએટ ગૃહસ્થના કળવાયલા કાળજામાં આ ખિનાએ જન્મ લીધો અને વિદ્વતાના ભંડાર બુદ્ધિપ્રકાશ માસિક મારફતે પ્રગટ થઇ ત્યારે સમજુ ઇસ્લામીઓના મનમાં એના સબંધમાં જેટલો તિરસ્કાર ઉત્પન્ન થાય તેટલો ઓછોજ સમજવો જોઇએ. જે શખસ ઇસ્લામી તવારિખો અને ઇતિહાસો જુવે અને તેને લગતા પુસ્તકોમાં આપેલી હકીકતનું રહસ્ય સમજે તેજ મુળ કારણ તો જાણી શકે. તે લેખકમાં એ સઘળુ સમજવાની શક્તિ હશે કે નહિં તે પણ એક શકનીવાત છે. જ્યાં સુધી ... બાબતને લગતા પુસ્તકોનો બરાબર અભ્યાસ કર્યો ન હોય ત્યાં સુધી બીજા હિંદુઓ પણ ખરૂં કારણ સમજી શકશે નહિ, પણ જે કાંઇ Political View એટલે રાજ્ય સબંધી ત ... ને લગતુંછે અને ઉંગ્રેજ ઇતિહાસ કર્તાઓ તે નિષપક્ષપાતે લખી ગયાછે તેનાથીજ હિંદુભાઇ ... જાહેર કરવા ઠીક થઇ પડશે. મુસલમાનો તો તે વિષે પણ સારી પેઠે જાણે છે.

હઝરત મોહમ્મદ સ૦ ની વફાત (સ્વર્ગવાસ) બાદ **હઝરત અબુબકર,** ત્યાર પછી **હઝરત ઉમર** અને તેમની પાછળ **હઝરત ઉસ્માન** અને તેમના મરણ પછી **હઝરત અલી,** એમ અનુક્રમે ખિલાફતની હકુમત ઉપર આવ્યા અને ગાદી નશીન થયા. ચોથા ખલીફા **હઝરતઅલીના** વખતમાં નીચ યઝીદના બાપ **અમીર મઆવીયા** શામ (સીરીયા) પ્રાંતના ગવર્નર હતા. આ ગવર્નર ત્રીજા ખલીફા **હઝરત ઉસ્માનના** સગા થતા હતા. જ્યારે હઝરત ઉસ્માન શહીદ થયા (લોકોના હાથથી મરાયા) ત્યારે **અમીર મઆવીયાએ** પોતાના દેશના માણસોને ઉશ્કેરી **હઝરત ઉસ્માનના** ખુનનો બદલો લેવાનું કારણ આગળ ધરી **હઝરત અલી** સામે બળવો ઉઠાવ્યો પણ **હઝરતઅલી** સામેની સર્વે લડાઇયોમાં તે હાર પામ્યા, અને શાન્ત થઇ બેઠા, પણ જ્યારે **હઝરતઅલીની** શહાદત બાદ તેઓના વડીલ પુત્ર **હઝરત ઇમામહસન** ગાદીએ બેઠા ત્યારે વળી **અમીર મઆવીયાએ** બંડ ઉઠાવ્યું, પરિણામે **હઝરત ઇમામહસને** જો કે ગાદીએ બેસવાનો પોતાનો હક હતો તો પણ કેટલીક મસલેહતોના કારણથી અને એક તરફી ચાલેલા કાવતરાંના સબબે લોકોમાં પડેલી ફુટફાટથી **અમીર મઆવીયા** સાથે સલાહ કરી લીધી અને પોતે એકાંતમાં જીંદગી ગાળવા લાગ્યા, હવે **અમીર મઆવીયાના** મનમાં તે મળેલી બાદશાહત પોતાના વંશમાં ચાલે, એવો લોભ ઉત્પન્ન થયો તેથી તેમણે અંદર અંદર ખટપટ કરાવીને **હઝરત ઇમામહસનને** કોઇના હાથે ઝેર અપાવીને શહીદ કરાવ્યા, **હઝરત ઇમામહસનની** બાદ કરારનામા પ્રમાણે **હઝરત ઇમામ હુસેન** (હઝરત ઇમામહસનના નહાનાભાઇ)નો ગાદીએ આવવાનો હક હતો, પણ **અમીર મઆવીયાએ** તે કરાર પાળ્યો નહી અને પોતાનીજ વંશમાં ગાદી ચાલે એવી યુક્તિઓમાં મચ્યા રહ્યા. **હઝરત ઇમામ હુસેનજ** ગાદીએ આવવાના ખરા હકદાર હતા, પણ **અમીર મઆવીયાની** ચાલાકીયોથી અને સીરીયાના મુસલમાનોની બે ઇમાનીથી તેમ બન્યું નહિં **હઝરત ઇમામ હુસેન અમીર મઆવીયાના** વખતમાં મદીનામાં કાયમ હતા હવે મુસલમાની ધર્મમાં એવી આજ્ઞા છે કે પયગમ્બરની બાદ મુસલમાનોને માટે કોઇ Spiritual and temporal Leader જોઇએ અને તે લીડર એટલે **ઇમામ, હઝરત મવલાઅલીની** પછી તેમના બન્ને પુત્રો **હઝરત ઇમામહસન** અને **ઇમામહુસેન** છે એમ સાબીત થયેલું હોવાથી ધર્મના નિયમ પ્રમાણે મુસલમાનોએ **હઝરત ઇમામહુસેનના** હાથ ઉપર બયઅત Oath of Fidelity કરવી જોઇતી હતી. જેઓ ઇમાનવાળા હતા તેઓએ **હઝરત ઇમામહુસેનના** હાથ ઉપર બયઅત કરી અને તેઓને ઇમામ તરીકે સ્વિકાર્યા પરંતુ જેઓ **અમીર મઆવીયા** (જે આ વખતે પોતાની ચાલાકીથી પુર્ણ સત્તા જમાવી બેઠા હતા)ના પક્ષના હતા તેઓએ **અમીર મઆવીયાના** હાથ ઉપર બયઅત કરી; છતાં **અમીર મઆવીયાને** એવીજ ધાસ્તી રહી કે જ્યાં સુધી **હઝરત ઇમામ હુસેન** મારા હાથ ઉપર બયઅત કરશેનહિ ત્યાંસુધી મારી સત્તા સઘળા લોકો ઉપર પુર્ણ જામશે નહિ. તેથી તે ઘણા લોકો સહિત **ઇમામહુસેનની** સેવામાં હાજર થયા અને બયઅતની માગણી કરી **હઝરત ઇમામહુસેને** જવાબ આપ્યો કે ઇસલામી હકુમત ખરૂં જોતાં મ્હારા નાના માતુશ્રીના પિતા)ની ગાદી છે એટલે હું તે ગાદીનો ખરો હકદાર છું અને હઝરત પયગમ્બરે

(મ્હારા નાના સાહેબે) મુસલમાનોને મને ઇમામ માનવાની આજ્ઞા કરી છે તેથી તેમાં તમારો હક કાંઇ નથી **અમીર મઆવીયા** લાચાર થઇ કેટલીક ધમકી આપી પોતાની રાજધાની **દમાસ્કસ** તરફ ચાલ્યા ગયા. ત્યાર પછી કેટલાક દીને તે મરણ પામ્યા અને તેમનો છોકરો નીચ યઝીદ ગાદીએ આવ્યો તેણે પણ પોતાની બાદશાહત સ્થાયી બનાવવા અને પુર્ણપણે જમાવવા માટે લોકોથી બયઅત કરાવવા માંડી અને **હઝરત ઈમામ હુસેન** પાસેથી પણ બયઅત લેવાનું નક્કી કર્યું અને તે વિષે હઝરતને કાગળ લખ્યા પણ હઝરતે પ્રથમની પેઠેજ ઉત્તર આપ્યો કે હું હકદાર અને સત્ય ઉપરછું અને તું બદચાલનો તથા અસત્ય ઉપર છે તેમ સત્ય અસત્યની તાએદારી કોઇપણ કાળે કરનાર નથી, તે ઉપરાંત તું ઇમામ હોવાનો દાવો કરી મુસલમાનોને ગુમરાહ કરવા એટલે અધર્મે ચલાવવા ધારે છે તેથી પણ ત્હારા હાથ ઉપર બયઅત કરવી દુરસ્ત નથી; તેમ મ્હારા તરફથી તને કાંઇ નુકશાન પોંહચવા જેવું પણ નથી. કારણકે હુંતો અત્રે એકાંતવાસ જીંદગી ગુજારૂછું માટે મ્હારૂં નામ વિસારી મુક.

જ્યારે યઝીદની કંઇ પણ યુકતિ ચાલી નહિં ત્યારે તેણે એક અબદુલ્લા ઇબ્ને ઝીયાદ નામના માણસને બોલાવી હઝરતને શહીદ કરવાની બાજી રચી. હવે જે લોકો **અમીર મઆવીયા** અને યઝીદના હાથ ઉપર બયઅત કરી ચુકયા હતા તેઓને પોતાના પેગમબરની આજ્ઞાનું ભાન થયું અને તેઓને લાગ્યુંકે આપણા ખરા ઇમામ તો **હઝરત ઇમામ હુસેન** છે તેઓનાજ હાથ ઉપર બયઅત કરવી જોઇએ અને તેમ જો નહિં કરીએ તો નકી નર્કવાશી થઇશું. આવા વિચાર મનમાં આવતાંજ તેઓએ **હઝરત ઇમામ હુસેનને** એવી મતલબના પત્ર લખ્યા કે આપ અત્રે શહેર **કુફામાં** પધારો. અમોને અમારી અધર્મતાનું ભાન થયું છે આપજ ખરા ઇમામ અને પુજ્ય છો એવી પયગમબરની આજ્ઞા અમને યાદ આવી છે અમો સઘળા આપના હાથ ઉપર બયઅત કરવા તત્પર છીએ. **હઝરત ઇમામ હુસેનને** પોતાના પુજ્ય પિતા **હઝરત મવલાઅલીના** વખતથીજ કુફાના લોકોના સબંધમાં એવો શક હતોકે આ લોકો જેવી રીતે લખે છે તેવી રીતે કદી વર્તશે નહિં તેથી તેઓને લખી મોકલ્યું કે અમારે માટે આ મુસાફરી કરતાં એકાંન્ત વાસમાં ખુદાની યાદ કરવી તેજ બહેતર છે.પણ લોકોએ નહિં માનતા આમંત્રણ ઉપર આમંત્રણ મોકલ્યા અને પધરામણી માટે પુષ્કળ અરજીઓ લખી જેથી છેવટે **હઝરત ઇમામ હુસેનને** કુફે જવાનું કબુલ કરવું પડયું. પણ ત્યાં જવા પેહલાં એકવાર વધારે તેઓની પરીક્ષા કરી જોવા માટે હઝરતે પોતાના પિત્રાઇ ભાઇ **હઝરત મુસલીમને** એલચીપદ આપી કુફે મોકલી લખી જણાવ્યુંકે હમણા મેં મારા બદલે મ્હારા ભાઇને મોકલ્યા છે તમે તેમના હાથ ઉપર બયઅત કરજો, જ્યારે તમે મારા ઉપર પુર્ણ આસ્થા રાખોછો એવી ખાતરી તે મને આપશે તો હું પણ આવીશ. જ્યારે **હઝરત મુસલીમ** કુફામાં પોહોંચ્યા ત્યારે લોકોએ તરતજ તેઓની બયઅત કરવી શુરૂ કરી અને પુર્ણ આસ્થાવાળા છે એવી ખાતરી કરાવી **હઝરત ઇમામ હુસેન** ઉપર ત્યાં પધારવાના પત્ર લખાવ્યા. જ્યારે **હઝરત ઇમામ હુસેને** પોતાના ભાઇના લખેલા પત્રો વાંચ્યા, ત્યારે તેઓ પોતાના સગા વહાલા બાલબચ્ચા અને કુટુંબીયો સહિત મક્કા શરીફથી કુફા તરફ રવાને થયા. અહિંયાથી **ઇમામ હુસેનના** રવાના થઇ ચુકયા બાદ તરતજ કુફાના લોકોએ બે વફાઇ કરી

દગો રમી **હઝરત મુસલીમને** અત્યંત ક્રુરતાથી શહીદ કરી નાંખ્યા. **હઝરત ઇમામ હુસેનને** જે વાતનો ભય હતો તેજ ભય આગળ આવ્યો. સારા સમાચાર કરતાં માઠા સમાચાર વેહલા પોંહચે છે તે નિયમાનુસાર હઝરત અર્ધી વાટેજ પોહચ્યા હતા એટલામાં તેઓને પોતાના ભાઇ સાથે કુફા વાશીઓએ કીધેલી બેવફાઇના અને વિના અપરાધે કીધેલી શહાદતના સમાચાર મલ્યા. હવે હઝરત વિચારમાં પડી ગયા અને સત્યાસત્યની ખરી ખાત્રી થવા થોડીક દુર આગળ વધી કરબલા નામના જંગલમાં પડાવ નાંખ્યો એટલામાં તો ત્યાં યઝીદની ફૌજ પણ આવી પોંહચી. અને **ફુરાત** નામની નદીના આસપાસ વીંટલાઇ વળી. મુહરરમ માસની સાતમી તારીખથી હઝરતનું અન્ન જળ બંધ થયું અને તે શયતાન શત્રુઓએ કહ્યુંકે યઝીદના હાથ ઉપર બયઅત કરો, નહિંતો અમે તમોને શહીદ કરીશું. હઝરતે તેઓને કહ્યુંકે તમો મને કાગળ લખી બોલાવી હવે દગો રમો છો તોપણ હું અસત્યની તાબેદારી કદી કરનાર નથી. મને રસ્તો આપો મને તમારી ઇમામત Leadership કરવાની કાંઇ જરૂર નથી. આ, અરબ ભુમી તજી જવાને પણ કેહતા હશો તો હું તૈયારછું. પણ તે લોકોએ માન્યું નહિ. હવે યઝીદની બીજી મોહટી ફૌજ પણ ત્યાં આવી લાગી. કુલ યઝીદની ત્રીસ હજાર ફૌજ એકઠી થઇ અને મુહરરમની દસમી તારીખે સવારમાં યુદ્ધનો આરંભ થયો હઝરતની સાથે કુલ કુટુંબમાં નાહના મોહટા મળી જુજ આશરે બોહતેર કે એંસી માણુસ હતાં અને બીજી સ્ત્રીઓ તથા બેહનો હતી.

હઝરતે નવમીની રાત ઇશ્વરભક્તિમાં ગુજારી. સર્વે હુસેનીઓને ત્રણ દીવસથી અન્ન જળ બંધ હતું તેથી ઘણાજ અશક્ત થઇ ગયા હતા તોપણ સવારમાં જ્યારે યુદ્ધ શુરૂ થયું ત્યારે હઝરતના સાથીઓ એક પછી એક ઘણીજ શુરવીરતાથી લઢી ત્રણ દીવસના ભુખ્યા તરસ્યા શહીદ થયા અને **હજરત ઇમામ હુસેન** પણ બપોરના વખતે ત્રણ દીવસના ભુખ્યા તરસ્યા પોતાની પાછળ એક પુત્ર મુકી શહીદ થયા. તેજ પુત્રના વંશમાં, સૈયદો નો એક વિભાગ એટલે હુસયની સાદાત ગણાય છે.

આવા બનાવ ઉપર મુસલમાનો વિલાપ કેમ ન કરે? અને તેઓના સ્મરણ ચીન્હ કેમ ન બનાવે? તેઓએ પોતાના શીષ્યોને અસત્યની તાબેદારીથી બચાવવાની ખાતરજ અરે પવિત્ર ઇસ્લામી ધર્મની આજ્ઞાઓના રક્ષણ માટેજ એવું કષ્ટ વેઠ્યું છે. અમો મુસલમાનોને એક નીચ નાપાક અધર્મીની તાબેદારીમાં નહિ પડવાદેવા માટેજ તેઓએ પોતાના **હઝરત અબ્બાસ** જેવા યુવાન ભાઇને અને **મોહમ્મદ** જેવા નવ દસ વર્ષના ભાણેજને, **હઝરત કાસીમ** જેવા શુરવીર ભત્રીજાને અને **હઝરત અલી અકબર** જેવા અઢાર વર્ષના યુવાન પુત્રને અને **અલી અસગર** જેવા ૭ માસના નાહના બાળકને નજરો નજર ત્રણ દીવસના ભુખ્યા તરસ્યા શહીદ થતા જોવાના અસહ્ય કષ્ટો વેઠ્યા છે. ઇતિહાસોમાં લખ્યું છે કે **હઝરત અલી અકબર** ની કાન્તિ તદ્દન હઝરત પયગમબરને મળતી આવતી હતી. જ્યારે તેઓ મેદાનમાં લઢવા માટે ઉભા રહ્યા ત્યારે શત્રુઓએ જાણે શાક્ષાત પયગમબર લઢવા ખડા થયા છે એમ ધારી પોતાના હાથ રોકી લીધા હતા. **હઝરત ઇમામ હુસેનની** હિંમત, ધૈર્યતા અને ઇશ્વરેચ્છાને આધિન રહે એવા સ્વભાવને કોણ પામવાનું છે? આવું સખ્ત યુદ્ધ જ્યાં જ્યાં જરાએ

હિંમત હાર્યા નથી અને અલ્લાહની મરજી ઉપરજ રાજી રહ્યા છે. તેઓ અરી (દુશ્મનો)ના દળમાં જઈ પોતાના પુત્રો ભાઈઓ સગા સબંધી વગેરે સેવકોની લાશો ઉપાડી લાવતા હતા અને જરા પણ નાખુશીના ઉદગાર ન કાઢતાં એમજ કહ્યા કરતા હતાકે હે ઈશ ! જેવી તાહરી ઇચ્છા. તેઓએ પોતાની બેગમો તથા બેહનોને વસીયત કરી હતી કે તમો કોઇને શ્રાપ દેતા નહિં કારણકે તે આપણી સહનશીલતા અને ક્ષમાવૃત્તિથી ઉતરતું છે. હવે હિંદુભાઇયોએ જાણવું જોઇએ કે જ્યારે દશરથ રાજાએ પોતાની રાણી કૈકીને આપેલું વચન પાળવા માટે શ્રી રામચંદ્રજીને વનવાસ દીધો ત્યારે તેઓએ કેવો કોલાહલ કીધો હતો અને તેઓ કેવી રીતે વિલાપ કરતા હતા અને શ્રી રામચંદ્રજીની માતા કૌશલ્યા પોતાના પુત્રને વનવાસ જતો જોઇ કેવી વિલાપ કરતી હતી. એટલે સુધી દશરથરાજાને પુત્રના વિયોગનું દુઃખ લાગ્યું કે તેઓ મરણ પામ્યા. જો કે તેઓને તો પોતાના પુત્રના વનવાસની મુદત વીત્યા પછી પાછા આવવાની આશા પણ હતી પરંતુ અહિ તો હઝરત ઇમામહુસેનને અને તેઓની બેગમોને પોતાના તેમ યુવાન પુત્રો અને ભાઇઓ વિગેરેના પાછા આવવાની જરાએ આશા નહતી. તેઓએ પોતે અને તેઓના બચ્ચાંઓએ ત્રણ ત્રણ દીન સુધી સખ્ત તડકા અને વગડામાં ભૂખ્ય અને તરસ વેઠી અને અસંખ્ય કષ્ટ સહન કર્યા તો પણ જરાએ અધીરા ન થતાં ઇશ્વરનો પાડજ માનતા હતા અને પોતાનામાંથી કોઇને પણ શહીદ થએલા જોતા ત્યારે ઇશ્વર પાસે પ્રાર્થના કરતા કે હે માલિક ! અમો તહારી પરીક્ષામાં પુરેપુરા પાર ઉતરીએ એવી શકિત અમને આપતો રહેજે પુસ્તકોમાં લખાએલું છે કે ઇસુખ્રીસ્તને જ્યારે શુળીએ ચડાવવા લઇ ગયા તે અગાઉ (ખ્રીસ્તીઓના મત પ્રમાણે) ઇસુખ્રીસ્તે ત્રણવાર પ્રાર્થના કરી હતી કે "હે બાપ ! જો ત્હારાથી બની શકે તો આ (મુસીબતનો) પ્યાલો મહારાથી દુર કર" પણ હઝરત ઇમામ હુસયન તેવા અધીરા ન બનતાં ઉમ્મતીઓ (શિષ્યો)ને આશીર્વાદ આપે જતા હતા. જ્યારે તલવાર અને ભાલાઓના જખમોથી અશક્ત થઇ ઘોડા ઉપરથી ભોંય ઉપર આવ્યા ત્યારે તેઓના શરીર ઉપર એટલા તીર વાગેલા હતા કે તેઓનું શરીર જમીનથી અધ્ધર રહ્યું હતું અને એવા વખતમાં પણ તેઓ અસરની (સાંજની) નમાઝ ગુઝારતા ચુકયા નહોતા.

આ હકીકત મેં ઘણી ટુંકાણમાં લખી છે તેઓની શહાદતની બાદ તેઓના કુટુંબીઓને કેદ કરી શત્રુઓ યઝીદની સમક્ષ લઇ ગયા આ વર્ણન એવું તો કરૂણા રસથી ભરપુર છે અને હૃદય ભેદક છે કે સૃષ્ટીની ઉત્પતિથી અત્યાર લગી એવો બનાવ બનેલો જાણવામાં નથી. હઝરત ઇમામહુસૈને જે શુરવીરતા, ધૈર્યતા, સહનશીલતા, ઇત્યાદિ સદગુણો બતાવ્યા છે. તેના મરસીયા માત્ર મુસલમાનોજ નહિ પણ હિંદુઓ સુદ્ધાં કહે છે અને તેઓની પાછળ માતમ અને મુહરરમના દસ દિવસ વિલાપ કરે છે. લખાણ થઇ જવાના સબબે, બધા અંગ્રેજ વિદ્વાન લેખકોના પુસ્તકોમાંથી ઉતારો નહી કરતાં માત્ર જેમ્સ કોકરન સાહેબે ચીનના ઇતિહાસમાં જે કાંઇ લખ્યું છે તેની તરફજ અમારા હિંદુભાઇઓનું ધ્યાન દોરવું મુનાસબ સમજીએ છીએ. જેમ્સ સાહેબ લખે છે કે—પૃથ્વી ઉપર શુરવીરતામાં રૂસ્તમનું નામ જગપ્રસિદ્ધ છે તો પણ કેટલાક પુરૂષો એવા થઇ ગયા છે કે તેઓની બહાદુરી આગળ રૂસ્તમનું નામ લેવું પણ શોભે નથી. શુરવીરતામાં પેહેલો નંબર હઝરત હુસૈનનો છે કેમકે કરબલાના મેદાનમાં

ગરમ લાલ જેવી તપતી રેતી ઉપર ત્રણ દિવસની ભુખ તરશ હોવા છતાં તેઓએ એવાં એવાં કામ કર્યાં છે કે તેઓની સરખામણીમાં રૂસ્તમનું નામ તેજ માણસ લઇ શકે કે જે ઇતિહાસથી તદન અજાણ્યો હોય. કોની કલમમાં એવી કૌવત છે કે તેઓનો અથથી ઇતિ સુધી જેવો જોઇએ તેવો એહવાલ લખી શકે? કોની જીભમાં એવું જોર છે કે ત્રીસહજાર ખુંખાર શત્રુઓના દળની આગળ **હઝરત ઇમામ હુસયૂન** અને તેઓની સાથેના બોહોતેર માણસોએ બતાવેલી શુરવીરતાનું યથાસ્થિત વર્ણન કરી શકે? અને તેઓમાંના દરેકની શહાદત, હિમ્મત, ધીરજ, અને બહાદુરીનું બરાબર બ્યાન આપી શકે? એવા કયા માણસોની કલ્પના શકિત તીવ્ર હશે કે જેઓ, શું શું આફતો [illegible] હઝરત ઉપર ગુઝરી તેનો [illegible] માન [illegible] કરી શકે? જ્યારથી કે **સઅદના છોકરા ઉમર** [illegible] યઝીદના સેનાધિપતિએ) હઝરતને [illegible] ૦૦ અસ્વા[illegible] વડે ઘેરી લીધા, ત્યારથી તે છેક હઝરતનું શિશ શરીરથી છુદુ થયું ત્યાં [illegible] ન પોતાના આ કઠણ કાફર જેવા શત્રુઓનો મુકાબલો કર્યો. પણ સત્યતાના મેદાનમાંથી [illegible] ફોઘી નહીં, ચાર તરફ ચાર શત્રુઅવીને યઝીદની ૧૦૦૦૦ દસ હઝાર ફોજ [illegible] ઇ જેમાંથી વંટાળીઆની પેટે તીરોનો વરસાદ વરસતો હતો. અને પાંચમો શત્રુ અરબસ્તા[illegible] તડકો હતો કે તેના જેવો [illegible]કો બીજે કોઇ સ્થળે ભાગ્યેજ હોય છે. તે તડકાને બીજા કશાની ઉપમા નહિ આપતાં લોકો એમજ કહી શકે છે કે અરબસ્તાનના તડકા જેવે [illegible] અરબસ્તાનોજ તડકો છે. અને છઠો શત્રુ એ રેતીનું મેદાન હતું જે તપતા સૂર્યના તાપથી [illegible] [illegible]નું ખરૂં પુછો તો તેને દરીયાએ કહહાર Angryocean કહેવો જોઇએ અ[illegible] પરપોટા તે બની ફાતેમાના પગમ[illegible]થી પડેલાં ફોલ્લાં ગણાવા જોઇએ, અને સર્વેથી વધારે ક્રુર અને અધિરા શત્રુ તે ભુખ [illegible]ને તરસ હતાં કે જેમની આગળ મજબુતમાં મજબુત માણસ અને ખરા શુરવીર પુરૂષો [illegible] શેહ ખાઇ જાય છે. ભુખ અને તરશથી તે સાહેબોના [illegible] ફાટી જતી હતી છતાં તેઓએ આવા રણસંગ્રામમાં હજારો બે દીનોનો મુકાબલો કર્યો હતો. ખરી શુર વીરતા તો એનુંજ નામ. રૂસતમની બહાદુરીનીતો એની આગળ વિસાદજ નથી. " (વાંચકોને યાદ હશે કે [illegible] આ[illegible] શુરવીરોના સંબંધમાં ચોરોના ભયથી વાવમાં બરાઇ બેસવાનું લખ્યું છે. આફરીન છે તે લેખકની બુધ્ધિના પ્રકાશને) વાવ વિષેનું વર્ણન વિગેરે લખતાં લેખકે પોતાની સભ્યતા અને ઉંચાઇ બતાવવા માટે આવા ઇમામ માટે કેવા શબ્દો વાપર્યા છે જેમકે (મઆઝલ્લા) " ઝનુની હુસયૂન " " તે મરાયો " આવા અસભ્ય શબ્દોથી મુસલમાનોના દિલ ઘણાજ દુખાયા. કેમ ન દુખાય? જ્યારે **મુંબાઇ પ્રેસીડેન્સી મોહમેડન એજયુકેશનલ કોનફરન્સની** ચોથી બેઠક અમદાવાદમાં થઇ અને કોનફરન્સના છેલ્લે દિવસે (કોઇનો તીરસ્કાર કરવાના વિચારે નહિ પણ ફક્ત દલીલની ખાતર **જનાબ નવાબ ઝાદા નસરૂલ્લાખાન સાહેબ** માત્ર એટલુંજ બોલ્યા કે " કોન્ગ્રેસમાં કોઇ આબરૂદાર નવાબો કે ઠાકોરો નથી " તે ઉપરતો કેટલાક હિંદુઓ એકદમ તુટી પડયા અને પક્ષાપક્ષીના પડળથી અંજાઇ જતા અને ઠો કરો ખાઇને પણ ઠરેલ જેવા દેખાતા કોઇ લાલાભાઇએ તો "ખળખળતું લાયબલ" થાય એવાજ શબ્દો ટાંકી દીધા, તો પછી આ અમારા જાનમાલના સરદાર, અમારા જીવનના આધાર, કે જેઓના મુબારક નામનાજ પ્રતાપે અમે ઇસ્લામી હસ્તી ભોગવીએ છીએ તેઓના સંબંધમાં

"ઝનુની" "મરાયો" એવા તોછડા શબ્દો લખાએલાં જોઇ અમને કેટલું દુખ થએલું હોવું જોઇએ તેનો હિંદુભાઇઓજ તર્ક કરી લે તો બહુ સારૂ. આ એવું દુઃખ છે કે ખરા દિલથી માફી માગવા સિવાય અને પુરેપુરો પશ્ચાતાપ કર્યા વિના તેની અસર નાબુદ થાયજ નહિ. ખેર, લેખકની અજ્ઞાનતાનો વળી એક પુરાવો આગળ રજુ થએલો છે તે પણ વાંચી જુઓ. લેવણ સાહેબ ફરમાવે છે કે, "હુસેન મરાયા પછી કરબલ્લેથી તેની લાસ મક્કામાં લાવ્યા અને ત્યાં દફનાવી. "મક્કામાં તેની કબર ચણાવી છે કે જ્યાં મુસલમાન ધર્મ પાલનારાઓ હજ કરવા જાય છે. "આ કબર પવિત્ર હોવાથી તેનું દરશન પ્રત્યેક મુસલમાનને પાવન કરે એ એવું મત હોવાથી "રાજાઓ અને ફકીર અમે જાતે તેટલે વ્યયે ત્યાં જાય છે. અને પવિત્ર થાય છે પરંતુ એટલું "કહેવું બસ કારણ કે મક્કા ઘણું દુર છે, રસ્તે રેલ્વે વિગેરે સબળ સાધન હોવા છતાં "ગરીબીને [illegible] માણસથી ત્યાંની યાત્રા થઇ શકે અને નથી આ સ્થીતિ હોવાથી અને "સૈયદ [illegible] દેહ અરપણું કર્યાનું નક્કી તેઓના મનમાં ઠસી જવાથી તેઓએ તેનું "સ્મરણ [illegible] કરવું જોઇએ એવી દઢ આસ્તા મુસલમાનોમાં બંધાઇ ગઇ છે."

હઝરત ઇમામ હુસેનની લાશ મક્કામાં લાવવામાં આવીજ નથી બલકે તે તો કરબલામાંજ દફન થએલી છે અને ત્યાંજ આલીશાન રોઝો બંધાવવામાં આવેલા છે, મક્કામાં તો અમારા પયગમ્બર પણ [illegible] થએલા નથી તેઓ પણ મદીનામાં દફન છે, અને જે લોકો મક્કે હજ કરવા જાય છે તે આની સાથે કાંઇ સબંધ ધરાવતા નથી તે તો ક્રિયાજ જુદી છે મક્કામાં પ્રાચિન કાળના એક કઅબા નામનું પવિત્ર સ્થળ છે [illegible] હઝરત ઇબ્રાહીમે ચણ્યું હતું ત્યાં કેટલીક ક્રિયાઓ થાય છે અને તેમને હજની સાથે સ[illegible], આ હઝરત ઇબ્રાહિમ અ૦ ની અવલાદમાં કહો કે વંશમાં અમારા પાક પયગમ્બર [illegible] અને અમારા [illegible] હુસેન પણ પેદા થએલા છે. આ ઉપરથી જણાશે કે મક્કનું હજ સબંધી જે લખાણ છે તે તદન ખોટું અને જ્ઞાનરહિત છે અલબત્ત હઝરત ઇમામ હુસેનની કબરની ઝીયારત (દર્શન) કરનારાઓને મોહટું પુન્ય થાય છે અને તેટલા માટે કેટલા [illegible] પૈસાદાર ઇમાનદારો છેક કરબલા સુધી જઇને પણ દર્શન કરી આવે છે. અને જે લોકો [illegible] શકે તેનાઓ માટેજ તે ઇમામના સ્મરણચિન્હ તરીકે તાજીઆનો રીવાજ પ્રચલિત થયો [illegible] એમાં કાંઇ શક જેવું નથી, પણ તાજીઆની ઉત્પત્તિ કેવી રીતે થઇ તેનો વિષય ચર્ચાવવામાં આવી સદંતર જુદી મન ઘડત બાબતોને શા માટે વચમાં નાંખી અને અપમાન યુકત વેણ એક વિનય ભરેલા વિદ્વાનના મોહમાંથી કેવી રીતે નીકળ્યા તે સમજાતું નથી. હું આગળ લખી ચુકયો છું કે તાજીઆની પહેલ તે હઝરતના સ્મરણ ચિન્હાર્થેજ તૈમુરે શુરૂ કરેલી લાગે છે પણ તે માત્ર રૂઢીજ છે અને શરેમાં તેની બાબત કંઇ પણ ઇશારો નથી. હવે તાજીઆ સાથે જે બુરાક પુતળી કાઢવામાં આવે છે તે વિશે લેખકે વિચાર્યા વિના કેવું હસવા સરખું લખ્યું છે તેની તપાસ લઇએ, લખાણ એવું છે કે—

"તાજીઆ ઉપર પુતળી બનાવી ચોઢે છે તે પુતળી હુસેન સૈયદની બેગમ અથવા જે આશ "નિમાણું થઇ હતી અને જેને માટે તેણે જીંદગી અર્પણ કરી, તેની આકૃતિ છે કબર

ઉપર પુતળી બનાવી મુકવાથી જે સંસાર સુખ તે બાઇના સંબંધથી સૈયદ હુસેનને "ભોગવવાની તૃષ્ણા હતી તે સુખ જાણે તેણે પ્રાપ્ત કર્યું હોય એમ મુસલમાનો માનતા હોય "એમ જણાય છે."

ભાઇઓ ! હઝરત હુસેનની શહાદતનું કારણ હું સંક્ષિપ્તમાં લખી ચુકયો, હવે જે પુતળી કાઢવામાં આવે છે તે વિષે મુખ્તેસર હકીકત આપું છું. અમારા પાક પયગમબર એક રાત્રીએ બુરાક નામના ઘોડા અને પરીના દેખાવને મળતા જનાવર ઉપર અસ્વાર થઇ મેઅ્‌રાજમાં એટલે અરશ (આકાશ) ની મુસાફરીએ પધાર્યા હતા, જેને અંગ્રેજો Nocturnal Journey કહે છે તે પ્રસંગની અસ્વારીના સ્મરણ ... કે બુરાક બનાવવા ... જણાય છે અને નહિ કે અમારા કામેલ દોસ્ત ... તેમ હઝરત ઇમામ હુસેન મોહમાં પડી તેણીના બીજા ચાહનારની સામે જંગ કરવા તૈયાર થયા તરીકે. એમ લખાણ ... કારણ અમારા ધારવા મુજબતો લેખકની આ અજ્ઞાનતા અગર ઓછી સમજ છે કારણ કે હઝરત ઇમામ હુસેને જે ... કર્યું ... સબબો પ્રથમ આવાજ ગયેલાં છે તેમાં ઓરત સંબંધી કંઇ પણ તકરાર છે ... નહિ. એવી મોહની વાતો તો ...ના સ્ટેજના નાગરિકો અગર નૃપતિઓનેજ શોભે કે જે બગીચામાં હરતાં ફરતાં, માતપિતાની મરજી વિના, કોઇ પણ કુમારિકાની ... આંખો ... વી તેને ઉચકી જવામાં મોહટું પરાક્રમ સમજે છે અને બીજે વિવાહિત અગર ... ના ... બીઓ ખોળવા આવે તો કામઘેલા ... એ શરમ બની તેઓની સાથે જંગ મચાવવામાં અગર છેતરીને છટકી જવામાં ... નથી. અમારા દીનદાર ઇમામ તો એવી મોહજાળથી કરોડો કોસ દુરજ હતા, વળી હઝરત ઇમામહુસેનના નામને લેખક આગળ ચાલતાં "હાજી હુસેન" બતાવે છે અને મ...ના દિવસોમાં લોકો માતમ કરતી વખતે જે "યાહુસેન" "...હુસેન" બોલેછે તેને પોતે "હાજીહુસેન" શુદ્ધ છે એમ જાહેર કરે છે, કેટલી નાદાની ? મુસલમાનોમાં હઝરત ઇમામ હુસેનની શહાદત એક એવો બનાવ છે કે તે દરેક વરસે મોહર્રમ માસમાં નવો અને તાજો ... મુસલમાનોની આંખો સામે ફરે છે તેથી મુસલમાનો કાંઇક ઉશકેરાએલા રહે છે અને તેની ...ગારી માટેજ આ સર્વે સાધનો તૈયાર કરે છે અને તાજીઆ તે સ્મરણ ચિન્હ અર્થેજ છે એટલું લખાણુજ માત્ર ખરૂં અને વાજબી છે. તે સિવાયની સઘળી હકીકતનાં રદીઆમાં અમારે આટલું બધું લખવાનું કારણ એજ છે કે તે આર્ટીકલમાં સદર બાબતો જે સદંતર ખોટી ... કરી છે તે, હવે પછીનાઓ અને અજ્ઞાનોની નજર આગળ આવતાં તેઓને ખોટે રસ્તે ચઢાવે નહીં.

બુદ્ધિપ્રકાશે જે વધારો છાપી દિલગિરી જેવું જાહેર કર્યું છે તે, તેઓએ જે અપમાન કર્યું છે, અને સમગ્ર મુસલમાન વર્ગ ઉપર જે સખત અને નહિ રૂઝાય એવો ઘા કર્યો છે, તેના પ્રમાણમાં કાંઇ હીસાબમાંજ નથી. માટે તેઓએ અને આર્ટીકલના લેખકે ઇતિહાસો વાંચી ખરી બનેલી હકીકત મેળવી જોઇ પોતાની ભુલ કબુલ કરી હવે પછી આવું ઉતાવળીયાપણું ન થવા પામે તે બાબત તોબા કરી સર્વે મુસલમાનોની જાહેર પત્ર મારફતે ક્ષમા માગવી જોઇએ અને ત્યારેજ

તેઓ કાંઈ હમદરદીને લાયક કેહવાશે. નહિ તો કોઇ બાજુએ કદાપિ એમ પણ સમજાયકે હજુ મુસલમાનો પ્રત્યે તેઓના મનમાં ઇર્ષા અને દ્વેષ ભરપુર છે અને જરૂર જણાતાં ઇસ્લામીઓને પાછા એમજ સંતાપશે. ગવર્નમેન્ટે પણ આવી બાબતનો પુરો બંદોબસ્ત કરવો જોઇએ છે અને હિંદુ નાગરિકો જે લિપાની ઓથમાં રહીને લખાણ અગર ભાષણ દ્વારા ગમે તેવી રીતે મુસલમાનોના મન દુખાડે છે તે માટે ઘટતા ઉપાય લેવા જોઇએ. હું જેમ પ્રથમ લખી ગયો છું તેમ વળી ફરીથી પણ લખુંછું કે આ મહારા લેખને બુદ્ધિપ્રકાશવાળા જો ખરી રીતે ન્યાયી હોતો [illegible] છા[illegible] પછી [illegible] પેપરમાં [illegible] અને એમ થવાથી તેમની [illegible] મેળેજ ધોવાઇ [illegible] અને હવે પછી મુસલમાનોમાં અને [illegible] રહે એવા [illegible] કાળજી દરેક કોઇ [illegible] મારી ટાંગવાનું લખાણ પણ [illegible] અને મન [illegible] લખી લેખકે [illegible] કલંકજ લગાડયો છે. મ્હેતો [illegible] ખોટી હકીકતના [illegible] અને માત્ર જવાબનાજ રૂપમાં લખ્યું છે છતાં કોઇનું મન વિના કારણે પણ દુખાયુ હોયતો તેણે કૃપા કરી ક્ષમા કરવી.

સમાપ્ત.

આ રદીયો સી. [illegible] કુરેસી નીજામુદીન અમીરૂદીને પોતાને માટે છાપી પાંચપટી અમદાવાદમાં પ્રસીદ્ધ કર્યો.

અંકમાં " મુસલમાનો મરી ગયા " એ લખાણ છે તેને કેમ ખોટા માનવો ? ખેર, હું મારા એક મિત્રની પાસે છેવટે ગયો અને તેમને જ્યારે આ વાદવિવાદથી વાકેફ કર્યા ત્યારે તેમણે ધર્મનું કામ જાણી માયા ભરેલી લાગણીની સાથે મુંબાઇ તરફની કેટલીક ગોઠવણ અને ઉતારાની સવડ પણ કરી આપી. ત્યાં ગયા પછી કેટલાક દીવસે મને એક કસ્ટમ ઇન્સપેક્ટર ખાનસાહેબ મળ્યા જેમની સાથે ઓળખાણ પણ નહોતી છતાં તેઓ સાહેબ આ કામસંબંધી ઘણીજ તવાઝો અને એવી લેયાકતથી પેશ આવ્યાકે હું તે બદલ જેટલી તારીફ કરૂં તેટલી ઓછીજ છે તેમણે મને પોતાનેજ ત્યાં રહેવા વીગેરે બાબત ઘણો આગ્રહ કર્યો, પરંતુ મેં આહેસાન માનવાની સાથે તે બાબત મારી માગી લઇધી. આ ઉપરથી સાબેત થાય છે કે "તવંગરી બદિલઅસ્ત, નબમાલ" અને "નિહદશાબે પુરમેવા મર અરૂઝમી" એ સાદી સાહેબના [illegible] છેવટે [illegible] કે કેટલાક મોટા માણસો [illegible] લાકો [illegible] રંગ [illegible] ને પોતાની [illegible] જાડરા [illegible] છે. [illegible] તનીજ વખતે [illegible] કામને માટે તા. ૧૫-૪-[illegible] આળા છે કે [illegible] ઇસ્લામી બારિસ્ટર સાહેબના નં. [illegible] "મેં સુરમા [illegible] પ્રસંગે અમારી કોમના કેટલાક શ્રીમંત [illegible] છે ? માત્ર [illegible] ને એમ પણ અરજ કરી કે " મારે આજે [illegible] માં [illegible] ઉતારે ગયે એક [illegible] વખતે [illegible] એક મિત્રની ઓફીસમાં ઉતર્યો [illegible] નથી અને ઓફ[illegible] પણ બંધ [illegible] માટે આપ કોઇ શિષ્ય ઉપર મારા ઉતાર[illegible] પત્ર લખી આપે [illegible] પણ અફસોસ હજાર અફસોસ ! તે જેન્ટ[illegible] મેને જવાબમાં [illegible] કોઇ એવા ઓળખાણવાળા [illegible] નથી. તે ઉપરથી ફરીથી વિનંતિ કરવામાં [illegible] ફક્ત ઉતરવાની જગ્યાનીજ જરૂર છે [illegible] વિગેરેનો કાંઇ પણ બોજો તેના ઉપર પડનાર નથી. એટલા ખુલાસા છતાં પણ [illegible] પથમનીજ માફક વાળવામાં આવ્યો જે ઉપરથી મારા મનમાં એમજ આવ્યું કે ધારે [illegible] ની લાગવગથી સો બસો માણસનો પણ બંદોબસ્ત કરી શકે એવા માણસો તરફથી હાલ [illegible] જ્યારે એવો જવાબ મળે છે તો પછી દીનદારીના કામ[illegible] એમની મદદ માંગવામાં [illegible] ! એમની પરીક્ષાતો પુરેપુરી થઇ. "મઝહબ મઅલુમ વહિમાયતે મઝહબ મઅલુમ" [illegible] નો તો જોકે સવાલજ નહોતો અને જો ભુલે ચુકે હોતતો બગીચા અને બુતસાઝી [illegible] નવાજ ક્યાંથી હોય કે આવા નેક કામમાં વાપરવાની વલણ થાય. કોઇ એક માતબર મા[illegible] કદાપી એવું કામ કરે છે તો કલંક સઘળી કોમને માથેજ આવે છે. સાદી સાહેબનું [illegible] ચુંજ છેકે " ચુંઅઝ કવમે યકે બેદાનિશી કર્દ, ન કેહરા મનઝલત માનદ ન મેહરા. " [illegible] ઉપરાંત કોઇ બીજા ઠરેલ ગૃહસ્થના વિચારતો એટલી હદ સુધીના જણાયાકે ફલાણા ફલાણા હીંદુભાઇઓતો તેમના ખાસ મુરબ્બી, અને માર્ગ બતાવનારજ છે. તેઓ ગમે તેવી એ[illegible] બુજરૂગોને ભુંડી ભુંડી ગાળો ભાંડે તોપણ તેમની વીરૂધમાં એક અક્ષર પણ બોલાયજ કેમ ? વળી એક કાબિલ કુલીને એટલે સુધી કમર કસીકે પોતે તો ભાગ નાજ લેવો પણ બને ત્યાં સુધી બીજા મોઅમિન ભાઇઓને પણ મૌન્ય ધારણ કરવાજ આગ્રહ કરવો. ધન્ય છે પુર્વજો તરફની એમની પ્રીતિને ! વળી કોઇ મુસલમાનોની બે કોમમાં ખપનારાઓ તો બીજાઓને ફક્ત બતાવવાનાજ કારણથી લાંબા લાંબા હાથ હલાવી અને ડોકી ધુણાવીને બોલવા લાગ્યા કે જો કોઇ માથે લેનાર ધણી મળી આવે તો તેઓ પણ તેની સાથે બંધાવા તૈયાર છે. પણ આ બધું બોલવું ધુળ ઉપર લીપણ જેવુંજ હતું. એક કોમનાજ બલકે ધર્મનાંજ કામમાં એવી બે પરવાઇ બતાવવામાં આવે તે કેવું ખોટું ! અને મુબાઇમાંથી ઉર્દુમાં પ્રગટ થતા પંચબહાદુર પેપરના તા૦ ૩—૭—૦૫ ને શોમવારના

મદદ અને મુસીબતની મુખતસર નોંધ.

પ્રિય વાંચક! આ રદીઆની પ્રસ્તાવના જો કે લખાણની શરૂઆતમાંજ છે તેથી અહિં કાંઇ પણ લખવાની જરૂર નહોતી પરંતુ આ રદીઓ છપાવવામાં જે જે ઇસ્લામી હમદરદોએ મદદ કરી અને કોશીશ કરીછે તેઓનો અહેસાન માનવા, અને જેઓ જાહેર દેખાવમાં ઇસ્લામી લીડરો અને ઇસલામના હમદરદો તેમજ ઇસલામના ખરા ઇમામ હઝરતે હુસેન અલયહિસ્સલામની ઓલાદમાં હોવાનો દાવો કરી તેઓના મુબારક નામનાજ પ્રતાપે અમીર બની બેઠા છે અને શેરનું વેશ ધારણ કર્યા છતાં ભીતરમાં બકરીથી પણ વધારે બીકણ પુરવાર થએલા છે તેઓએ આ સેવક લેખ લખનારને કેવી મોટી મોટી મદદો કરી છે તે બતાવવા, વાંચક વર્ગની હજુરમાં કેટલીક હકીકત [illegible] આસપાસ [illegible] એમ સમજી હું [illegible] સંબંધમાં બને [illegible]

[illegible] મિના નીચે લખું છું જે [illegible]

બદનામ કરના [illegible] પણ [illegible] તે [illegible] ના મુજ [illegible]

આલેમો, [illegible] [illegible] યાં તમના [illegible] કર, તાબેદાર,

હું [illegible] પોતાના મોઢેથીજ પોતાના વખા[illegible]

સોમવારના [illegible] અડકા તે કાંઇ તુરની તજલ્લીને [illegible]વાના

હતો તે [illegible] જીભની જોડમાં આવી શકાય છે?

એક [illegible] મુસાફરી હેત [illegible] જ સખ્ખો સર બેદીન લોકે [illegible] ર અંદર [illegible]

તે [illegible] લાભ લઇ [illegible] સં[illegible]ના આકું આળું ચીતર[illegible] કતા નથી.

[illegible] બહાદુરના શબ્દે. "મુસલમાન મરી ગયા" બ્યાજબીજ ગણાશે. અને હવે ઇસ્લામના ખુદા હાફીઝ [illegible] માંથી એક મજકુર **ખાન સાહેબ** જેવા [illegible] **જનાબ** **આગા સૈયદ રાજનઅલી સાહેબ** તથા બહારે મજાલિસના અધિપતિ [illegible] **મરહુમ અલી,** તથા અલહિલાલના [illegible] લપકારી પ્રોપ્રાયટર **મી. નિઝામુદ્દિન અમ[illegible] આફંદી** તથા એડીટર મોઅમિન **લલ્લુભાઇ** ઉર્ફે **વલીમોહમ્મદ છગનભાઇ** તથા [illegible] જનાબ **ગુલામ મોહેયુદ્દીન** સાહેબ તથા દરીઆદિલ અને ફૈયાઝ શેઠ **અબ્દ[illegible] સાહેબ** **ઇસ્માલ મુહમ્મદ ડોસનની કંપનીવાલા** જેવા હિંમતવાન સખી સ[illegible] આવ્યા તો શું પોતાને કુલિન કહેવરાવનારા બીજા ઇસ્લામીઓ આવી ધાર્મિક [illegible] બચાવની ફરજમાંથી મુક્ત થઇ શકે છે? નહીંજ, કદીજ નહીં. છેવટે ઉપર સુચવેલા [illegible]ઓ ખાસ કરીને, અને બીજાઓ પણ આ કામમાં તન, મન, અગર ધનથી જોડાય[illegible] ના સામાન્ય રીતે, ખરા દિલથી અહેસાન માનતાં હવે દોઆગોની એવી આગ્રહ પૂર્વક [illegible] છે કે આ પછીના એવા કોઇ પણ કૌમી અગર મઝહબી કામમાં સરવે મુસલમાન ભાઇઓ તન, મન, અને ધનથી કોશીશ કરશે. અને એવી તેઓને ઇત્તિલાઅ આપવાને માટેજ એટલું લખવાનું જરૂર જેવું જણાયું છે.

છેવટે સર્વે મુસલમાનોને તથા ખાસ કરીને જે જે અહસ્થોની પાસે નેક કમાઇનો પૈસો હોય તેઓ સાહેબોને વિનતિ કરવામાં આવે છે કે આ રદીઆની ૫૦૦૦ નકલોની છપામણીના રૂ. ૧૦૦) અંકે રૂપીઆ એકસો થયા છે પરંતુ મજકુર નકલો ઘણીજ ઓછી છે અને બીજી વધારે નકલોની ઘણીજ જરૂર છે માટે બીજીવાર છપાવવા સદગ્રહસ્થો તન મન અને ધનથી કોશીશ કરશે કે જેથી મિત્રોની મુરાદ બર આવે અને દોસ્તોના દિલ ખુશનુદ થાય. આમીન!

લી૦ મીર ફ્જલેહુસેન કુતબી. બુખારી સહી બદસ્તે ખુદ.

.. આ...

વાથી તે, દેશહિતચિંતકા

...ના પ્રવાહને અટકાવવા... ..

...હાર ન...ા. કેટલીક વખતે બહારના ભપકા ભરેલ

...ને જે સાધારણ સમજવાળાઓ પરદેશી માલ ઉપર મોહ પામી

રવો જોઈએ કે લાંબા વખત સુધી નજર આગળ ટકાવી રાખવા જેવા ...

પણે વપરાઈ જતી વસ્તુઓની અંદર પણ ખરીદી વખતે સફાઈ ઉપર ...

આધાર રાખવો અને લાકડીના પોચાપણાને એક પ્રકારનો મોટો દોષ

... ઉપરેજ કીમત આંકવી તે, આવા ઉમદા અને ઉત્તેજનને પાત્ર ઉદ્યમનું ...

... ...ગુણ કહેવાય; છતાં ઘટતા વખતે અને પ્રસંગ આવે યોગ્ય ફેરફાર સાથેના સુધા...

પણ ખચીત થતાજ રહેશે એની ખાતરી રાખવી. છેવટે ઉમેદ રાખીએ છીએ કે વિશેષ માહિ...

મેળવવા માટે અગર ...લની ખરીદી સારૂ ઉપર બતાવેલા સરનામે પત્ર વહેવાર ચલાવી ...

...દેશી સજ્જનો આ કંપનીને આભારી કરશે.